અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ ડિસેમ્બર ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર સુદ ૩ | અંક : ૧૫૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ પંજાબના ચંડીગઢની મુલાકાત**

**દેશના નાગરિકોએ આપણા બંધારણમાં જે કલ્પના કરી હતી, તેને પૂરા કરવાનો આ ચોક્કસ પ્રયાસ છે. હું હંમેશા સાંભળતો આવ્યો છું કે, કાયદાની નજરમાં બધા સમાન હોય છે, પરંતુ વ્યવહારિક સત્ય કંઈક અલગ જ હોય છે**

# હવે ગરીબો કોર્ટ-કચેરીમાં પગ મૂકતાં ગભરાશે નહીં, સમય પર મળશે ન્યાય : પીએમ મોદી

। (એજન્સી) ચંડીગઢ, તા.૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ પંજાબના ચંડીગઢની મુલાકાતે છે. અહીં તેમણે ત્રણ નવા ફોજદારી કાયદાના સફળ અમલીકરણના લોકાર્પણ પ્રસંગે નાગરિકોને સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે, 'વર્તમાન સમયમાં દેશ વિકસિત ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે અને બંધારણના ૭૫ વર્ષ પણ પૂરા થયા છે, ત્યારે હાલના સમયમાં બંધારણની ભાવનાથી પ્રેરિત 'ભારતીય ન્યાયિક સંહિતા'નો પ્રારંભ થવો, બહુ મોટી વાત છે. હવે ગરીબો કોર્ટ-કચેરીમાં પગ મૂકતાં ગભરાશે નહીં, સમય પર ન્યાય મળશે.'

તેમણે કહ્યું કે, 'અગાઉના સમયમાં ગુનેગારો કરતા નિર્દોષોમાં વધુ ડર રહેતો હતો. અનેક મહત્ત્વના કાયદાઓ ચર્ચાથી દૂર રખાયા હતા. દેશમાં કલમ-૩૭૦, ત્રિપલ તલાક પર ઘણી ચર્ચા થઈ અને હવે વક્ફ સંશોધન વિધેયક પર ચર્ચા થઈ રહી છે. દેશના નાગરિકોએ આપણા બંધારણમાં જે કલ્પના કરી હતી, તેને પૂરા કરવાનો આ ચોક્કસ પ્રયાસ છે. હું હંમેશા સાંભળતો આવ્યો છું કે, કાયદાની નજરમાં બધા સમાન હોય છે, પરંતુ વ્યવહારિક સત્ય કંઈક અલગ જ હોય છે. કાયદો તમામ પેઢી પ્રત્યેની સંવેદનાઓથી પરિપૂર્ણ છે.

તેમણે કહ્યું કે, 'દેશની આઝાદી પછીના સાત દાયકામાં ન્યાય વ્યવસ્થા સામે પડકારો હતા, જેના પર અમે ઊંડાણપૂર્વક ચર્ચા કરી. અમે તમામ કાયદાની વ્યવહારિક સ્થિતિ જોયાબાદ તેમાં ફેરફાર કરી તેને કડક બનાવ્યા અને હવે તેનું પરિણામ ભારતીય ન્યાયિક સંહિતાના રૂપે આપણી સામે આવ્યું છે. હું આ માટે સુપ્રીમ કોર્ટ, માનનીય ન્યાયાધીશો, દેશની તમામ હાઈકોર્ટોનો વિશેષ આભાર વ્યક્ત કરું છું.' તેમણે વધુમાં કહ્યું કે, 'અનેક દાયકાઓની ગુલામી બાદ આપણો દેશ ૧૯૪૭માં આઝાદ



થયો. અનેક પેઢીઓએ રાહ જોયા બાદ, લોકોના બલિદાન બાદ આઝાદીની સવાર પડી. તે વખતે લોકોમાં કેવા સ્વપ્નો હતા, દેશમાં કેવો ઉત્સાહ હતો. દેશવાસીઓએ વિચાર્યું હતું કે, અંગ્રેજો ગયા છે, તો અંગ્રેજી કાયદાઓમાંથી પણ મુક્તી મળશે. અંગ્રેજો આ કાયદાના માધ્યમથી અત્યાચાર અને શોષણ કરતા હતા. આ કાયદા ત્યારે બનાવવામાં આવ્યા હતા જ્યારે બ્રિટિશ સરકાર ભારત પર પોતાનો દબદબો જાળવી રાખવા કંઈ પણ કરવા તૈયાર હતી.

વડાપ્રધાને કહ્યું કે, હવે મહિલાઓ સામે દુષ્કર્મ જેવા જઘન્ય અપરાધોમાં પહેલી સુનાવણીના ૬૦ દિવસની અંદર આરોપ ઘડવો જ પડશે. સુનાવણી શરૂ થયાના ૪૫ દિવસમાં ચુકાદો આપવાનું પણ ફરજિયાત કરાયું છે. એ પણ નક્કી કરાયું છે કે, કોઈપણ કેસની સુનાવણી બે વખતથી વધુ મુલતવી રખાશે નહીં. ભારતીય ન્યાયિક સંહિતાના મૂળ મંત્ર નાગરિકોની પ્રાથમિકતા છે. આ કાયદાઓ પ્રજાના અધિકારોના રક્ષક બની રહ્યા છે અને ન્યાયની પહોંચની સુવિધા આપે છે. પહેલા FIR નોંધવી ઘણી મુશ્કેલ હતી, પરંતુ હવે શૂન્ય એફઆઈઆરને પણ કાનૂની સ્વરૂપ અપાયું છે. હવે ગમે ત્યાંથી કેસ દાખલ કરવાની સુવિધા મળી છે. એફઆઈઆરની નકલ પીડિતને મળવી જોઈએ, તેઓ અધિકાર અપ ાયો છે. હવે આરોપી વિરુદ્ધનો કેસ પડતો મૂકવો હોય તો પીડિતાની સંમતિ મળે, ત્યારે જ પડતો મૂકાશે. આ ઉપરાંત પોલીસ પોતાની ઈચ્છા મુજબ કોઈપણ વ્યક્તિને અટકાયતમાં લઈ શકશે નહીં. તેમણે કહ્યું કે, 'જો કોઈ રસ્તા પર અકસ્માતનો ભોગ બને તો લોકો તેની મદદ કરતા પણ ડરતા હતા. તેમને લાગે છે કે, તેઓ આ ઝંઝટમાં ફસાઈ જશે, જોકે હવે આવી મદદ કરનારા લોકો આવી ઝંઝટમાંથી મુક્ત થઈ ગયા છે. બ્રિટિશ શાસનના ૧૫૦૦થી વધુ જૂના કાયદાઓ નાબૂદ કરાયા છે. જ્યારે કલમ ૩૭૦ અને ટ્રિપલ તલાકને નાબૂદ કરાઈ ત્યારે ઘણી ચર્ચા થઈ હતી. આ દિવસોમાં વકફ બોર્ડ સાથે જોડાયેલા કાયદા પર ચર્ચા ચાલી રહી છે. આપ ણે તે કાયદાઓને સમાન મહત્વ આપવું જોઈએ જે નાગરિકોના ગૌરવ અને આત્મસન્માનને વધારવા માટે બનાવવામાં આવે છે.'પીએમ મોદીએ કહ્યું કે, 'ચંદીગઢમાં વાહન ચોરીના મામલામાં કેસ નોંધાયા બાદ કોર્ટે માત્ર બે મહિના અને ૧૧ દિવસમાં સજા સંભળાવી અને તેને સજા પણ મળી ગઈ. અશાંતિ ફેલાવનાર અન્ય એક આરોપીને પણ માત્ર ૨૦ દિવસમાં સંપૂર્ણ સુનાવણી બાદ કોર્ટમાં સજા ફટકારાઈ હતી. દિલ્હીમાં પણ એક કેસમાં એફઆઈઆરથી નિર્ણય લેવામાં માત્ર ૬૦ દિવસનો સમય લાગ્યો હતો.

## હોસ્પિટલ બાદ હવે રાજ્યની હોટેલ-રેસ્ટોરન્ટમાં પણ 'નો એન્ટ્રી'

। નવીદિલ્હી, તા.૩ ।

બાંગ્લાદેશમાં વચગાળાની સરકાર આવ્યા બાદ હિન્દુઓ પર અત્યાચારની ઘટનાઓમાં વધારો થયો છે. તાજેતરમાં, પાડોશી દેશમાં પણ ભારતીય ધ્વજના અપ માનનો મામલો સામે આવ્યો હતો, જેના વિરોધમાં ત્રિપુરાની હોસ્પિટલે બાંગ્લાદેશી નાગરિકોને સારવાર આપવાનો ઈનકાર કર્યો હતો. હવે રાજ્ય હોટેલ અને રેસ્ટોરન્ટ ઓનર્સ એસોસિએશન પણ આ બહિષ્કાર આંદોલનમાં જોડાઈ ગયું છે અને બાંગ્લાદેશી મહેમાનોને રૂમ ન આપવા અને ભોજન ન આપવાની જાહેરાત કરી છે. ત્રિપુરાના હોટલ-રેસ્ટોરાં એસોસિએશનનો નિર્ણય:એસોસિયેશનના જનરલ સેક્રેટરી સૈકત બંદ્યોપાધ્યાયનું કહેવું છે કે સોમવારે મળેલી ઈમરજન્સી મીટિંગમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બાબતે તેમણે જણાવ્યું હતું કે, 'ભારત એક ધર્મનિરપેક્ષ દેશ છે અને બધા ધર્મનું સન્માન કરે છે. બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓના એક વર્ગ દ્વારા આપણા રાષ્ટ્રીય ધ્વજનું અપમાન કરવામાં આવ્યું છે અને લઘુમતીઓને સતત હેરાન કરવામાં આવી રહ્યા છે. આ પહેલા પણ આવી ઘટનાઓ સામે આવી છે. પરંતુ હવે તેઓએ હદ વટાવી દીધી છે.'

**ટ્રમ્પે શપથગ્રહણ પહેલા જ પોતાના તેવર બતાવવાનું શરૂ કરી દીધું છે**

# મધ્ય-પૂર્વમાં તબાહી લાવી દઈશ : ડોનાલ્ડ ટ્રમ્પે શપથ લેતા પહેલા આપી ધમકી

**અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા બંધક સંકટને લઈને હમાસને કડક ચેતવણી આપી**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ ।

અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શપથગ્રહણ પહેલા જ પોતાના તેવર બતાવવાનું શરૂ કરી દીધું છે. ડોનાલ્ડ ટ્રમ્પે પેલેસ્ટિનિયન ગ્રુપ હમાસને સીધી ધમકી આપી છે અને તેમણે કહ્યું કે, જો તેમના શપથગ્રહણ પહેલા ઈઝરાયેલના બંધકોને છોડવામાં નહીં આવે તો તેઓ મધ્ય પૂર્વમાં તબાહી લાવશે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા વિવાદ પર બોલતા ટ્રમ્પે કહ્યું કે, જો ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ પહેલા બંધકોને છોડવામાં નહીં આવે તો મિડલ ઈસ્ટને ભારે કિંમત ચૂકવવી પડશે. હકીકતમાં,



ટ્રમ્પ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અમેરિકી પ્રમુખ પદ સંભાળશે. ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ પર કહ્યું કે, જેણે માનવતા વિરુદ્ધ અત્યાચાર કર્યા છે તેમને ભારે કિંમત ચૂકવવી પડશે. ટ્રમ્પે હમાસ દ્વારા ઈઝરાયેલના નાગરિકોને બંધક બનાવવાને હિંસક અને અમાનવીય ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, દરેક વ્યક્તિ એવા બંધકો વિશે વાત કરી રહી છે જેમને ખૂબ જ હિંસક, અમાનવીય રીતે અને સમગ્ર વિશ્વની ઈચ્છા વિરુદ્ધ રાખવામાં આવી રહ્યા છે. ટ્રમ્પે આ મામલે અગાઉની વાટાઘાટોની ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે, બંધકોને લઈને ઘણી વાતો થઈ હતી પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, બંધક બનાવવા માટે જવાબદાર લોકો સામે યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા વિદેશી સંસ્થાઓ સામે અગાઉની કોઈપણ કાર્યવાહી કરતાં મોટી ક્ષમતામાં કાર્યવાહી કરવામાં આવશે.

**બોમ્બની ધમકી મળ્યા બાદ પોલીસ એક્ટિવ મોડમાં આવી**

# તાજમહેલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

। (એજન્સી) આગ્રા, તા.૩ ।

ઉત્તર પ્રદેશના આગ્રાથી આ સમયના મોટા સમાચાર બહાર આવી રહ્યા છે. આગ્રાના તાજમહેલને આજે મંગળવારે ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળી છે અને આગ્રામાં ભયનો માહોલ સર્જાયો છે.

આ ઘટના બાદ પોલીસ એક્ટિવ મોડમાં આવી ગઈ છે અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે. ACP તાજ સુરક્ષા સૈયદ અરીબ અહેમદનું કહેવું છે કે, પ્રવાસન વિભાગને ઈમેલ મળ્યો છે. તેના આધારે તાજગંજ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવી રહ્યો છે. વધુ તપાસ હાથ ધરી છે.

બોમ્બની ધમકી મળતા તરત જ પોલીસ અને પ્રશાસનને જાણ કરવામાં આવી હતી. તાજમહેલમાં બોમ્બ મુકવામાં આવ્યો હોવાની માહિતી મળ્યા બાદ સંકુલમાં તૈનાત કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળે સ્મારકની તપાસ શરૂ



કરી હતી. દરેક ખૂણે-ખૂણે ચેકિંગની સાથે સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવામા આવી હતી.

બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડે તાજમહેલના ગેટ, તેની આસપાસ અને દશેરા ઘાટ પર તપાસ હાથ ધરી હતી, પરંતુ કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું. આ પછી તાજમહેલના રસ્તાઓ પર બનાવવામાં આવેલા અવરોધો પર કડકાઈ વધારી દેવામાં આવી હતી. ACP તાજ સિક્યુરિટી અરીબ અહેમદે કહ્યું કે, ઈમેલ મોકલનારની તપાસ કરવામાં આવી રહી છે. BDSને તપાસમાં કંઈ મળ્યું નથી.

**ભારત-ચીનના સંબંધો અંગનું નિવેદન**

# સરહદ પર શાંતિ વિના બંને દેશોના સંબંધો સામાન્ય ન રહી શકે : એસ.જયશંકર

। (એજન્સી) નવીદિલ્હી, તા.૩ ।

ભારત અને ચીન વચ્ચે વર્તમાન સમયમાં સંબંધો કેવા છે, બંને દેશોની સરહદ પર સ્થિતિ છું ? તે અંગે વિદેશમંત્રી એસ.જયશંકરે લોકસભામાં તમામ જવાબ આપ્યા છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, 'બંને દેશો તરફથી પૂર્વ લદ્દાખના વિસ્તારોમાં સેના પાછી ખેંચવાની કામગીરી પુરી થઈ ગઈ છે. બંને દેશો સરહદ વિવાદ ઉકેલવા માટે દાયકાઓથી વાત કરી રહી છે. અમે પરસ્પર સહમતિથી વિવાદ ઉકેલવા માટે સંમત થયા છીએ. ચીને મે-જૂન ૨૦૨૦માં સરહદ પર અનેક સૈનિકો તહેનાત કર્યા હતા, જેના કારણે ભારતીય સેનાને પેટ્રોલિંગ કરવામાં સમસ્યા ઉભી થઈ હતી. ગલવાન ખીણમાં અથડામણ થયા બાદ બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો. પછી ભારતે પણ વળતો જવાબ આપી LCA પર મોટી સંખ્યામાં હથિયારો અને સૈનિકો તહેનાત કર્યા હતા.

તેમણે લોકસભામાં કહ્યું કે, એલએસી પર ડિસએન્ગેજમેન્ટની કામગીરી પુરી થઈ ગઈ છે. લદ્દાખ અને ડેમચોકમાં પણ કામગીરી પુરી કરી દેવાઈ છે. હવે અમે તણાવ ઘટાડવા સહિતના મુદ્દાઓ પર વાતચીત કરી રહ્યા છીએ. નવી ટેકનોલોજીનો ઉપયોગ ઊંચાઈવાળા વિસ્તારોમાં કરવામાં આવશે.

**બાઈડેનનું જતાં-જતાં વધુ એક 'વિનાશકારી' પગલુ**

# યુક્રેનને ઘાતક હથિયારો સાથે ૭૨૫ મિલિયન ડોલરની સહાય

। (એજન્સી) યુક્રેન, તા.૩ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને સત્તાના અંતિમ દિવસોમાં યુક્રેનને ૭૨૫ મિલિયન ડોલર અર્થાત રૂ. ૬૧૩૯ કરોડની મોટી સૈન્ય મદદ કરવાનો ચકચારી નિર્ણય જાહેર કરતાં જ ખળભળાટ મચ્યો છે. બાઈડેનના આ પગલાંની માનવાધિકારે પણ ટીકા કરી તેને વિનાશકારી પગલું ગણાવ્યું છે. બાઈડેનના આ રાહત પેકેજ સાથે અમેરિકા યુક્રેનને અનેક પ્રકારના ઘાતક હથિયારો ઉપલબ્ધ કરાવી રહી છે. જેમાં અનેક ડ્રોન વિરોધી સિસ્ટમ, હાઈ મોબિલિટી આર્ટિલરી રોકેટ સિસ્ટમ અને એન્ટી પર્સનલ લેન્ડ માઈન્સ પણ સામેલ છે. યુક્રેન લાંબા સમયથી આ પ્રકારના હથિયારોનો ઉપયોગ રશિયા વિરૂદ્ધ ૧૮૬ માઈલ સુધી કરવા માગતું હતું. પરંતુ મંજૂરી અને ફંડની અછત હતી. હવે બાઈડેનના આ પેકેજથી યુક્રેન રશિયાના હુમલાનો સામનો જ નહીં પરંતુ કીવ વિસ્તારમાં કબજો મેળવવાનો પ્રયાસ કરશે.

**તેઓ ICUમાં પોતાના જીવન માટે લડાઈ લડી રહ્યા છે**

# બાંગ્લાદેશમાં ચિન્મય દાસનો કેસ લડી રહેલા વકીલ પર કટ્ટરવાદીઓનો હુમલો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

બાંગ્લાદેશમાં ચિન્મય દાસનો કેસ લડી રહેલા વકીલને લઈને ISKCON કોલકાતાના પ્રવક્તા રાધારમણ દાસે મોટો દાવો કર્યો છે. તેમણે દાવો કર્યો છે કે, એક કાનૂની કેસમાં બાંગ્લાદેશી હિન્દુ સાધુ ચિન્મય કૃષ્ણ દાસનો બચાવ કરી રહેલા એડવોકેટ રામેન રોય પર 'ક્રૂર હુમલો' થયો છે. દાસે દાવો કર્યો કે, રોયની એક માત્ર ભૂલ એ હતી કે તે ચિન્મય કૃષ્ણ દાસનો બચાવ કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, ઈસ્લામવાદીઓના એક ગ્રુપે તેના ઘરમાં તોડફોડ કરી. તેઓ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયા છે અને હાલમાં તેઓ ICUમાં પોતાના જીવન માટે લડાઈ લડી રહ્યા છે. બાંગ્લાદેશમાં અશાંતિ ત્યારે શરૂ થઈ જ્યારે આધ્યાત્મિક નેતા ચિન્મય કૃષ્ણ દાસની ૨૫ નવેમ્બરના રોજ ધરપકડ કરવામાં આવી અને ૨૫ ઓક્ટોબરે ચટગાંવમાં બાંગ્લાદેશના રાષ્ટ્રધ્વજ પર ભગવો ધ્વજ ફરકાવવા બદલ રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો. ધરપ કડ બાદ હિંસક અથડામણ થઈ હતી, જેમાં ૨૭ નવેમ્બરે ચટગાંવમાં વકીલ સાથેની જીવલેણ ઘટનાનો સમાવેશ થાય છે. છેલ્લા કેટલાક દિવસોથી બાંગ્લાદેશમાં હિન્દુ ધર્મગુરુ ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડને લઈને હોબાળો મચી ગયો છે.



## દબાણોથી ગ્રસ્ત ચંડોળા તળાવની સફાઇ પાછળ મ્યુનિ. ૮૯ લાખ ખર્ચશે

। (એજન્સી) અમદાવાદ, તા.3 ।

શહેરનાં દાણીલીમડા વિસ્તારમાં આવેલાં અને ઝુંપડપટ્ટી સહિતનાં દબાણોથી ગ્રસ્ત એવા ચંડોળા તળાવમાંથી તરતો કચરો વગેરે સાફ કરવા માટે મ્યુનિ. હેલ્થ ખાતુ ૮૯ લાખ રૂપિયા ખર્ચશે. મ્યુનિ. સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર,શહેરનાં વિવિધ વિસ્તારોમાં આવેલાં તળાવોમાં ચોમાસા દરમિયાન જ પાણી હોય છે અને ત્યારબાદ તો મોટાભાગનાં સુકાઈને ખાબોચિયા બની જતાં હોય છે. તેમ છતાં તળાવોમાં ભરાતાં પાણીમાં તરતો કચરો, વેલ, લીલ, ઘાસ વગેરે જોવા મળતાં હોય છે અને તેમાં મચ્છરનો ઉપદ્રવ થતો હોવાથી મ્યુનિ. હેલ્થ મેલેરીયા ખાતા દ્વારા સમયાંતરે તળાવોની સફાઈ માટે ટેન્ડર બહાર પાડવામાં આવે છે.સૂત્રોએ એવો કટાક્ષ કર્યો હતો કે, શહેરનાં વિવિધ વિસ્તારોમાં આવેલાં તળાવોની સફાઈનાં કોન્ટ્રાક્ટ હેલ્થ ખાતાનાં માનીતા કોન્ટ્રાક્ટરોને જ લાગે છે અને તેઓ એટલા અનુભવી બની ગયાં છે કે તેમનાં સિવાય બીજા કોઈને કામ મળતુ નથી. જોકે હેલ્થ અને મેલેરીયા ખાતાનાં અધિકારીઓએ આ પ્રકારનાં આક્ષેપને ફગાવતાં એવો દાવો કર્યો હતો કે, તળાવોની સફાઈ માટે ટેન્ડર બહાર પાડવામાં આવે છે તેમાં કોઈ પણ એજન્સી કે કોન્ટ્રાક્ટર ભાગ લઈ શકે છે. પરંતુ વાસ્તવિકતા એવી છે કે, તળાવોની સફાઈનાં કોન્ટ્રાક્ટ બે ત્રણ એજન્સીને જ મળે છે અને તેમાં એક જ પરિવારની બે એજન્સી હોવાનો પણ આક્ષેપ થઈ રહ્યો છે. સૂત્રોએ દાણીલીમડા ચંડોળા તળાવની સફાઈનાં ટેન્ડરની વિગતો આપતાં કહ્યું કે, ઈ-ટેન્ડરમાં ફર્સ્ટ લોએસ્ટ આવેલાં કુમાર એજ્યુકેશન સોસાયટી નામની એજન્સીને સળંગ છ માસ સુધી કામ સોંપવા અને છ માસ પૂરા થયા બાદ ફરી છ માસ માટે આ રીતે બે વર્ષ સુધી કામ સોંપવામાં આવશે. જેની પાછળ ૮૯ લાખનો જંગી ખર્ચ કરવામાં આવશે.

### ગ્રાહકોને તા.૬ ડીસેમ્બરે વીજ પ્રવાહ નિયત સમયે મેળવી શકશે નહીં

## વડોદરાના વિવિધ વિસ્તારમાં વીજ પુરવઠો સવારે ૭ થી ૧૧ જુદા-જુદા દિવસે બંધ રહેશે

### ફતેગંજ સબ ડિવિઝન ગોવર્ધન ફીડર સહિતના વિસ્તારમાં 3 ડીસેમ્બરે સવારે ૭ વાગ્યાથી સવારે ૧૧ વાગ્યા સુધી વીજ પ્રવાહ બંધ રહેશે

। (એજન્સી) વડોદર, તા.3 ।

વડોદરા શહેરના જુદા-જુદા વિસ્તારમાં વીજ રીપેરીંગ કરવાનું હોવાથી વિવિધ વિસ્તારમાં જુદા-જુદા દિવસે વીજ પુરવઠો સવારે ૭ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી બંધ રહેશે રીપેરીંગ કામ પૂરું થયા બાદ કોઈપણ જાતની જાણ કર્યા વિના વીજ પુરવઠો પુનઃ શરૂ કરી દેવાશે. ઉલ્લેખનીય છે કે જરૂરી રીપેરીંગ કામ કરવાનું હોવાથી શહેરના અકોટા સબ ડિવિઝન સરસ્વતી ફીડર અને ગોરવા સબ ડિવિઝન સાંગલીયા ફીડરથી વીજ પ્રવાહ મેળવનારા ગ્રાહકો તથા અટલાદરા સબ ડિવિઝન વિસ્તારમાં નારાયણ ફીડર સમા ડિવિઝન નર્મદા ફીડર અલકાપુરી સબ ડિવિઝન મોનાલીસા ફીડર ફતેગંજ સબ ડિવિઝન ગોવર્ધન ફીડર સહિતના વિસ્તારમાં આવતીકાલે તા.૩ ડીસેમ્બરે સવારે ૭ વાગ્યાથી સવારે ૧૧ વાગ્યા સુધી વીજ પ્રવાહ બંધ રહેશે.આવી જ રીતે ગોત્રી સબ ડિવિઝન કૈલાશ ફીડર વિસ્તારના ગ્રાહકોને તા.૪ ડીસેમ્બરે સવારે વીજ પ્રવાહ મળશે નહીં. જ્યારે ગોરવા સબ ડિવિઝન પવન ફીડર વાસણા સબ ડિવિઝન રાણેશ્વર ફીડર અલકાપુરી સબ ડિવિઝન બી.પી.સી ફીડર વિસ્તારના ગ્રાહકોને તા.૫ ડીસેમ્બરે નિયત સમયે વીજ પુરવઠો બંધ રહેશે. આ ઉપરાંત અકોટા સબ ડિવિઝન પુનિત નગર ફીડર સમા સબ ડિવિઝન ફતેગંજ સબ ડિવિઝન નિઝામપુરા ફીડરથી વીજ પ્રવાહ મેળવનાર ગ્રાહકોને તા.૬ ડીસેમ્બરે વીજ પ્રવાહ નિયત સમયે મેળવી શકશે નહીં. આ ઉપરાંત લક્ષ્મીપુરા સબ ડિવિઝન આદર્શ ફીડર માધવ પાર્ક ફીડર ગોત્રી સબ ડિવિઝન વુડા ફીડર આસપાસના વિસ્તારમાંથી વીજ પ્રવાહ મેળવનાર ગ્રાહકોને સવારે ૭ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી વીજ પ્રવાહ રીપેરીંગના કારણોસર બંધ રહેશે.

### રાજ્ય સરકાર માની ન શકાય તેવા નિયમો લાવી રહી છે

## રાજ્યની ૪૦ હજારથી વધારે પ્રી-સ્કૂલની હડતાળ

। (એજન્સી) અમદાવાદ, તા.3 ।

રાજ્ય સરકારના આકરા નિયમો સામે રાજ્યના વિવિધ શહેરોમાં ચાલતી પ્રી-સ્કૂલોએ સરકારના આકરા નિયમો સામે આજે હડતાળ કરી છે. તેના લીધે રાજ્યમાં લગભગ ૪૦ હજારથી વધારે પ્રી-સ્કૂલ આજના દિવસે બંધ રહી છે. પ્રી-સ્કૂલ સંચાલકોની દલીલ છે કે રાજ્ય સરકાર માની ન શકાય તેવા નિયમો લાવી રહી છે. તેમનું કહેવું છે કે એક નાના બંગલામાં ચાલતી પ્રી-સ્કૂલમાં કોઈ બીયુ પરમિશન અને પછી ૧૫ વર્ષના લીઝ એગ્રીમેન્ટ પાછળ ત્રણથી ચાર લાખનો ખર્ચો કરતું હશે. સરકારી ઓફિસોમાં બેસીને કામ કરતાં મોહમ્મદ તઘલખો સરકારને ઊંધાં ઘડિયા ભણાવે છે. આ મોહમ્મદ તઘલખોએ એકપણ પ્રી સ્કૂલની મુલાકાત લીધા વગર નિયમ જારી કરી દીધા છે. આ તંત્ર કીડીને કોશના ડામ દેવામાં માને છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વિવિધ શહેરોમાં ચાલતી પ્રી-સ્કૂલ અંગે કડક નિયમોનો અમલ શરૂ કરવામાં આવ્યો છે, જેના વિરોધમાં પ્રી-સ્કૂલ સંચાલકો હડતાળ પર ઉતરી ગયા છે. વિરોધમાં આજે રાજ્યમાં લગભગ ૪૦ હજાર પ્રી-સ્કૂલ બંધ રહી છે.

રાજ્ય સરકાર દ્વારા પ્રી-સ્કૂલ અંગે બનાવેલા નિયમોમાં પ્રી-સ્કૂલ ચલાવવા માટે ઓપરેટર પાસે બીયુ પરમિટ અને ૧૫ વર્ષનો રજિસ્ટર્ડ લીઝ એગ્રીમેન્ટ હોવો ફરજિયાત કરવામાં આવ્યો છે. સંચાલકો કહી રહ્યા છે કે આ શક્ય નથી અને નિયમોમાં છૂટછાટની માંગ કરી રહ્યા છે. રાજ્યમાં મોટાભાગની પ્રી-સ્કૂલ મહિલાઓ દ્વારા ચલાવવામાં આવે છે. જો આ નિયમોને કારણે પ્રી-સ્કૂલ બંધ થશે તો મહિલાઓએ તેમની નોકરી ગુમાવવાનો ભય પણ વ્યક્ત કર્યો છે. રાજ્યમાં જો સરકારના આકરા નિયમોના લીધે પ્રી-સ્કૂલોને તાળા વાગે તો પાંચ લાખ મહિલાઓએ નોકરી ગુમાવવાનો દહાડો આવી શકે છે. પ્રી-સ્કૂલ સંચાલકો અમદાવાદમાં રિવરફ્રન્ટ પર એકઠા થયા હતા અને વિરોધ કર્યો હતો. રાજ્ય સરકારે તમામ પ્રી-સ્કૂલ સંચાલકો માટે પ્રી-સ્કૂલ ચલાવવા માટે સાઈટ પર BU પરમિટ, ૧૫ વર્ષનો રજિસ્ટર્ડ લીઝ એગ્રીમેન્ટ વગેરે હોવું ફરજિયાત બનાવ્યું છે. જો કે, ગુજરાત પ્રી-સ્કૂલ એસોસિએશને કહ્યું છે કે ગુજરાત પ્રી-સ્કૂલ એસોસિએશન માટે ૧૫ વર્ષનો લીઝ એગ્રીમેન્ટ આપવો શક્ય નથી. કારણ કે પ્રી-સ્કૂલ એ ખૂબ જ નાનું એકમ છે અને ૧૫ વર્ષ સુધી કોઈ તેને પૂરું પાડી શકતું નથી. કારણ કે મોટાભાગની પ્રી-સ્કૂલ નાના મકાનો કે બંગલામાં ચલાવવામાં આવે છે.

## રાજ્યના મહેસાણા, અમદાવાદ, મોરબી અને ગાંધીનગરમાં દરોડા પડ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.3 ।

ઈક્મટેક્સ વિભાગે રાજ્યના અનેક જિલ્લાઓમાં એક સાથે દરોડા પાડ્યા છે. મહેસાણાના રાધે ગ્રૂપ અને પાર્ટનર ટ્રોગન ગ્રૂપ સહિત અન્ય પાર્ટનરોની અમદાવાદ અને મોરબીમાં તપાસ શરૂ કરવામાં આવી હતી. બે ડઝનથી વધુ ટીમોએ રાજ્યના વિવિધ સ્થળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર તપાસમાં મોટા પાયે બેનામી વ્યવહારો અને સંપત્તિનો ખુલાસો થયો છે.

ઈન્મકટેક્સ વિભાગે દરોડા દરમિયાન કરોડો રૂપિયાના બેનામી વ્યવહારો પકડ્યા છે. જેમાં ૧૦ કરોડ રોકડ, ૧૫ બેંક લોકર મળી આવ્યા છે. રાજ્યના ૪૦ જગ્યાએ હજુ પણ સર્ચની કામગીરી શરૂ છે. ગુજરાતના વિવિધ શહેર મહેસાણા,અમદાવાદ,મોરબી અને ગાંધીનગરમાં દરોડા પાડ્યા હતા.

ઈન્મકટેક્સ વિભાગે મહેસાણાના પ્રખ્યાત રાધે ગ્રુપના મહેન્દ્ર પટેલ અને તેના ભાગીદારોની તપાસ શરૂ કરી છે. રાજકોટ જિલ્લાના મોટા રાજકારણીના જમાઈ પર પણ દરોડા ચાલુ છે. રાધે ગ્રૂપ સાથે મોરબીની બે સિરામિક ઈન્ડસ્ટ્રીઝનું કનેક્શન બહાર આવતાં તેમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. અમદાવાદમાં અનેક જગ્યાએ દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. આવકવેરા વિભાગની ટીમે તપાસ કરતા પ્રાથમિક તપાસમાં કરોડોની કિંમતના વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા છે અને આ દસ્તાવેજોની ચકાસણી અને સર્ચ બાદ કરોડોના બિનહિસાબી વ્યવહારો અને કરોડોની કરચોરી શોધી કાઢવામાં આવે તેવી શક્યતા છે.

### ભૂપેન્દ્ર પટેલનું નેશનલ ફેડરેશન ઓફ ધ બ્લાઈન્ડ ગુજરાત બ્રાંચ દ્વારા સન્માન

## આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસ,પ્રજ્ઞાચક્ષુઓએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રત્યક્ષ મુલાકાત લીધી

### લોકોનો દ્રષ્ટિકોણ બદલવાના ઉદ્દાત ભાવ સાથે દર વર્ષે ત્રીજી ડિસેમ્બરે આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસ ઉજવવામાં આવે છે

। (એજન્સી) ગાંધીનગર, તા.3 ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ગાંધીનગરમાં મુલાકાત આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસના ઉપલક્ષમાં નેશનલ ફેડરેશન ઓફ ધી બ્લાઈન્ડની ગુજરાત શાખાના દસ જેટલા પ્રજ્ઞાચક્ષુઓએ લીધી હતી. દિવ્યાંગોને સમાજની મુખ્ય ધારામાં આગળ ધપાવવાં તેમજ તેમના પ્રત્યેનો લોકોનો દ્રષ્ટિકોણ બદલવાના ઉદ્દાત ભાવ સાથે દર વર્ષે ત્રીજી ડિસેમ્બરે આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસ ઉજવવામાં આવે છે.સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૨૪ના આ વર્ષના આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસની થીમ "સમાવિષ્ટ અને ટકાઉ ભવિષ્ય માટે દિવ્યાંગ વ્યક્તિઓના નેતૃત્વને વધુ વિસ્તૃત બનાવવું" રાખવામાં આવેલી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટિવંત અને સંવેદનાસ્પર્શી નેતૃત્વમાં રાજ્ય સરકારે આ થીમને અનુરૂપ એક અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીના આ અભિગમ અનુસાર રાજ્ય સરકારની સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે સ્પેશ્યલ રિક્રુટમેન્ટ ડ્રાઈવ-ખાસ ભરતી ઝુંબેશ હાથ ધરીને નિયમાનુસાર સમગ્રતયા અંદાજે ૨૧ હજારથી વધુ જગ્યાઓ પર દિવ્યાંગ વ્યક્તિઓની આવનારા વર્ષોમાં ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દર્શાવેલી આ સંવેદના માટે નેશનલ ફેડરેશન ઓફ ધી બ્લાઈન્ડની ગુજરાત શાખાના પ્રજ્ઞાચક્ષુઓએ મુખ્યમંત્રીને ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસે પ્રત્યક્ષ મળીને તેમનું સન્માન કર્યુ હતું અને આભાર પ્રગટ કર્યો હતો. આ વેળાએ ફેડરેશનની ગુજરાત બ્રાંચના પ્રેસિડેન્ટ અને જનરલ સેક્રેટરી સહિતના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શારીરિક કે માનસિક અશક્ત વ્યક્તિ પ્રત્યે સંવેદના દાખવીને વિકલાંગ વ્યક્તિઓને 'દિવ્યાંગ' જેવું સન્માનજનક નામ આપ્યું છે.૨૦૧૬માં વડાપ્રધાનના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે દિવ્યાંગજનોના અધિકારો માટે દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ પણ પસાર કર્યો છે, અને દિવ્યાંગજનોને સુરક્ષા પ્રદાન કરવામાં આવે છે.

## વડોદરામાં ફિઝિયોથેરાપીના વિદ્યાર્થીનું રહસ્યમય મોત

। (એજન્સી) વડોદરા, તા.3 ।

વડોદરામાં ફિઝિયોથેરાપીના વિદ્યાર્થીના રહસ્યમય મોતને પગલે ચકચાર મચી છે. રાત્રે ઉંઘી ગયા બાદ સવારે તે ઉઠ્યો જ ન હતો. આ અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે. આ બનાવની વિગત મુજબ લુણાવાડા તાલુકાના સોનિયાના મુવાડા ખાતે પટેલ ફળિયામાં રહેતો અક્ષય રામજીભાઈ ચૌધરી (ઉ.વ.૧૯) રાજસ્થાનના ઉદયપુર ખાતેની ફિઝિયોથેરાપી કોલેજમાં અભ્યાસ કરતો હતો. તે અગાઉ વડોદરા નજીકની કોલેજમાં અભ્યાસ કરતો હોવાથી બે દિવસ પહેલાં તે વડોદરા નજીક અક્ષર રેસિડેન્સી ખાતે રહેતા મિત્રોને મળવા તેમજ તેમની સાથે રહેવા માટે આવ્યો હતો. મળતી માહિતી મુજબ ગતરોજ તે મિત્રો સાથે પુલાવ ખાઈને છાસ પીધી હતી.

## ઐતિહાસિક એલિસબ્રિજનું રિનોવેશન શરૂ : હેરિટેજ વેલ્યૂ જાળવી રખાશે

। (એજન્સી) અમદાવાદ, તા.3 ।

આઝાદી પૂર્વે અંગ્રેજોએ સાબરમતી નદી ઉપર બનાવેલાં ઐતિહાસિક ગણાતાં એલિસબ્રિજનાં રિનોવેશનની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો અને તેની હેરિટેજ વેલ્યુ જળવાઈ રહે તે પ્રકારે તેનુ નવીનીકરણ કરવામાં આવશે તેમ સ્ટે. કમિટી ચેરમેને જણાવ્યું હતું. સ્ટે.કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણીએ જણાવ્યુ હતું કે, સાબરમતી નદી ઉપર અંગ્રેજોએ સૌપ્રથમ સ્ટીલ(લોખંડ)નો બ્રિજ બનાવ્યો હતો. ૧૩૦ વર્ષ પહેલાં ચાર લાખ રૂપિયાનાં ખર્ચે બનેલાં ૧૪ સ્પાન અને આર્ચ ટાઈપ તથા બો સ્ટ્રીંગ ટાઈપનો સ્ટીલ સ્ટ્રક્ચરનો બ્રિજ વર્ષોથી એલિસબ્રિજ તરીકે ઓળખાય છે, જેને શાસક ભાજપે સ્વામી વિવેકાનંદ નામકરણ કર્યુ હતું. તેમણે કહ્યું કે, ૧૩૦ વર્ષ જુના સ્ટીલનાં બ્રિજને સમય વીતવાની સાથે કાટ લાગવો તેમજ તેની ઉપરનાં રોડ અને તેને સપોર્ટને નુકશાન થયુ હોવાથી તેને છેલ્લા દસ વર્ષથી વાહનવ્યવહાર અને અન્ય કોઈ પ્રકારનાં વપરાશ માટે બંધ કરીને તેની બન્ને બાજુ નવા બ્રિજ બનાવવામાં આવ્યા હતા. જોકે થોડા સમય અગાઉ તેની ઉપરનાં રોડને નવેસરથી બનાવી નાગરિકો હરીફરી શકે તેવુ આયોજન કરવામાં આવ્યુ હતુ, પરંતુ તેમાં જોખમ વધવાની શક્યતાને ધ્યાને લઈ એલિસબ્રિજને રાહદારીઓની અવરજવર માટે પણ બંધ કરી દેવાયો હતો.મ્યુનિ.નાં હેરિટેજ મોન્યુમેન્ટમા સામેલ એવા એલિસબ્રિજને સમયની થપાટથી કેવા પ્રકારનુ અને કેટલુ નુકશાન થયુ છે તેનો મેટલજિકલ સર્વે રિપોર્ટ નિષ્ણાત કન્સલ્ટન્ટ એજન્સી પાસે તૈયાર કરાવ્યા બાદ એલિસબ્રિજ હજુ વર્ષો સુધી ટકી રહે અને શહેરની શાન વધારે તે માટે તેનાં રિનોવેશન માટે ૨૬.૭૮ કરોડનાં ટેન્ડરને ફેબ્રુઆરીમાં મંજૂરી આપવામાં આવી હતી. તદઉપરાંત આ પ્રોજેક્ટનાં સ્ટ્રક્ચરલ ડિઝાઈન પ્રુફ ચેકિંગની કામગીરી સુરતની નામાંકિત ઈન્સ્ટીટ્યુટ એસવીએનઆઈટી પાસે કરાવવામાં આવી છે.

## GST કૌભાંડ: રાજકોટની 3, જૂનાગઢની બે, ભાવનગર એક પેઢી સામે ફરિયાદ

। (એજન્સી) રાજકોટ, તા.3 ।

રાજકોટમાં ૬૧.૩૮ લાખની જીએસટી ચોરી મામલે ક્રાઈમ બ્રાન્ચમાં મહેશ લાંગા હસ્તકની ૧૪ જેટલી પેઢીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી. એ પછી ફરી સાત બોગસ પેઢીઓએ સાથે મળીને રૂપિયા ૭૯.૨૦ લાખની જીએસટીની ચોરી કરી અને કૌભાંડ સામે આવતા ક્રાઈમ બ્રાન્ચમાં વધુ એક ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં રાજકોટમાં ત્રણ, જૂનાગઢમાં બે અને અમદાવાદ તથા ભાવનગરમાં એક-એક પેઢી હોવાનું સામે આવ્યું છે. આ સાતમાંથી બે પેઢી એવી છે જેના ઉપર ચાર દિવસમાં આ બીજો જીએસટી ચોરીનો ગુનો દાખલ થયો છે. મળતી માહિતી મુજબ રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં સેન્ટ્રલ જીએસટી કચેરી રાજકોટના સુપ્રિટેન્ડેન્ટ જયપ્રકાશસિંહ રામચંદ્રસિહએ ૭૯.૨૦ લાખ રૂપિયાની જીએસટી ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે. જેમાં રાજકોટ ગોંડલ રોડ ઉપરમાં આશિષ કોમ્પ્લેક્ષમાં આવેલી શ્રી ક્રિષ્ના ટ્રેડીંગ પેઢી, રાજકોટ નંદી પાર્ક દર્શિત કોમ્પ્લેક્ષમાં આવેલી યેશ ડેવલોપર પેઢી, રાજકોટ સાધુ વાસવાણી રોડ પર ડેકોરા ઉત્સવમાં આવેલી આર કે એન્ટરપ્રાઈઝ, જૂનાગઢ ઝાંઝરડા ચોકડી પાસે ગાર્ડન આઈકોનમાં આવેલી બી જે ઓડેદરા પેઢી, જૂનાગઢના ટીંબાવાડી ગામે મોટી પેલેસમાં આવેલી ક્રીઝલ એન્ટરપ્રાઈઝ, ભાવનગર વાઘાવાડી રોડ પર શુરભી કોમ્પ્લેક્ષમાં આવેલી ઓન કન્સ્ટ્રકશન અને અમદાવાદ નંદવિહાર રેસીડેન્સીમાં આવેલ ડી એ એન્ટરપ્રાઈઝનો સમાવેશ થાય છે.ફરીયાદમાં જણાવવા મુજબ, અજાણી વ્યક્તિ દ્વારા શ્રી ક્રિષ્ના ટ્રેડીંગ નામે પેઢી બનાવી ખોટો ભાડા કરાર કરી ખરા તરીકે રાજકોટ સી.જી.એસ.ટી. ભવન રેસકોર્સ ઓફિસ સહિત ઓનલાઈન રજુ કરી ફેબ્રુઆરી ૨૦૨૩થી માર્ચ ૨૦૨૩ દરમિયાન બોગસ ઈનપુટ ટેક્સ મેળવવા માટે અન્ય છ પેઢીઓના સંચાલકો સાથે મળી કાવતરૂ રચી બનાવટી બિલિંગ, બોગસ દસ્તાવેજો અને ખોટી રજુઆતો દ્વારા ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા સરકારને ૭૯.૨૦ લાખનું નુકશાન કર્યુ હતું.

## વિશેષ

### એક એવી મોબાઈલ બસ, જે દેશના દરેક ખૂણે જઈ કરે છે લોકોને વાંચન પ્રત્યે જાગૃત

## અમદાવાદ ઇનટરનેશનલ બુક ફેસ્ટિવલમાં અનોખું આકર્ષણ બન્યું નેશનલ બુક ટ્રસ્ટ (NBT)ની મોબાઈલ બસ










। (માહિતી) અમદાવાદ ।

શિક્ષણ એ માનવજીવનની પાયાની જરૂરિયાત છે. આ વાતને સાર્થક કરે છે અમદાવાદમાં આયોજિત અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ. ભારત સરકારના શિક્ષા વિભાગ અને નેશનલ બુક ટ્રસ્ટના સહયોગથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત આ બુક ફેસ્ટિવલમાં NBT-નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા મોબાઈલ બસની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. વિશેષ અભિયાનના ભાગરૂપે આ બસને અમદાવાદના દરેક ખૂણામાં મોકલવામાં આવી રહી છે. જે લોકોને સાક્ષરતા અભિયાન સાથે જોડવામાં મદદ કરે છે. જેનાથી શૈક્ષણિક જાગૃતિ વધારવામાં મદદ મળી છે.

નેશનલ બુક ટ્રસ્ટ (NBT) મોબાઈલ બસ એ એક નવીન પહેલ છે, જેનો હેતુ ગ્રંથપ્રેમીઓને પ્રોત્સાહન આપવાનો અને વાંચનની સંસ્કૃતિને વિસ્તૃત કરવાનો છે. નેશનલ બુક ટ્રસ્ટ, ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન હેઠળ કામ કરતી એક સંસ્થા છે, જે સાહિત્યને પ્રોત્સાહન આપવા અને તેની પહોંચ લોકો સુધી વધારવા માટે કાર્યરત છે. NBTએ આજ સુધીમાં ગુજરાતી સહિત ૬૫થી વધુ ભાષાઓમાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. અમદાવાદની વાત કરીએ, તો અત્યાર સુધી રાણાપુર, ધંધુકા જેવા તાલુકાના વિવિધ ગામડાઓમાં અને શાળાઓ તેમજ કોલેજોમાં આ બસ મોકલવામાં આવી છે.

નેશનલ બુક ટ્રસ્ટ (NBT) મોબાઈલ બસ એક પ્રવાસી ગ્રંથાલયની જેમ કાર્ય કરે છે, જેમાં વિવિધ ભાષાઓના પુસ્તકોનો સંગ્રહ છે. આ બસ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, પુસ્તક પ્રદર્શનો અને વાંચન સંબંધી કાર્યક્રમો દ્વારા લોકોને વાંચન માટે પ્રેરિત કરે છે. ખાસ કરીને, ગ્રામ્ય અને દૂરના વિસ્તારોમાં આ બસ પુસ્તકોની પ્રાપ્યતા સુનિશ્ચિત કરે છે અને વાંચનને પ્રોત્સાહન આપવાનું મહત્ત્વનું કામ કરે છે. આ બસ નાનાં બાળકો માટેનાં પુસ્તકો, યુવાનો માટે શૈક્ષણિક પુસ્તકો અને વડીલો માટે મનોરંજક તથા જ્ઞાનવર્ધક પુસ્તકોનો ખજાનો લઈને વિવિધ સ્થળોએ પહોંચે છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ સાહિત્ય અને જ્ઞાનની સહેલાઈથી પ્રાપ્યતા વધારવાનો છે તેમજ લોકોમાં વાંચન પ્રત્યેની અભિરુચિ જગાડવાનો છે.

ઉલ્લેખનીય છે કે, મોબાઈલ બસે અત્યાર સુધી અમદાવાદના વિવિધ તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવાસ કર્યો છે. આગામી ૫મી ડિસેમ્બરે આ બસ સેપ્ટ કોલેજ, ૬મી ડિસેમ્બરે સચિવાલય, ૭મી ડિસેમ્બરે ઈન્ફો સિટી કેમ્પસ, અને ૮મી ડિસેમ્બરે આઈઆઈટી, ગાંધીનગર ખાતે જનાર છે.

**પ્રાયોગિક ધોરણે મોબાઈલ બસની શરૂઆત થઈ અને કાયમી વ્યવસ્થા ઊભી થઈ**

NBTની મોબાઈલ બસની પ્રેરણા એવા વિસ્તારો સુધી સાહિત્ય પહોંચાડવાની હતી જ્યાં પરંપરાગત લાઈબ્રેરી ઉપલબ્ધ ન હતી. આ પહેલનો ઉદ્દેશ શૈક્ષણિક સાહિત્ય, બાળકોના પુસ્તકો અને અન્ય પ્રેરણાત્મક સામગ્રીને લોકો સુધી પહોંચાડવાનો હતો. આ મોબાઈલ બસ પ્રોજેક્ટની શરૂઆત ૨૫ કરતાં વધુ વર્ષ પહેલાં રાજસ્થાન ખાતે થઈ હતી. સમય જતાં આ પહેલને ગ્રામ્ય વિસ્તારો સુધી વિસ્તૃત કરવામાં આવી હતી.

**મોબાઈલ બસ કેવી રીતે કાર્ય કરે છે?**

★ **પુસ્તકોનો સંગ્રહ:** બસમાં તમામ વયના અને રસના વાચકો માટે વિવિધ પ્રકારની ભારતીય ભાષાઓમાં પુસ્તકો રાખવામાં આવે છે.

★ **પ્રવાસ સમયપત્રક:** બસોને ખાસ રૂટ પર મોકલવામાં આવે છે. જેમાં શાળાઓ, ગામડાઓ અને શહેરી વિસ્તારો સામેલ છે.

★ **સામુદાયિક જોડાણ:** પુસ્તકોની સાથે-સાથે આ બસમાં વાંચન સત્રો, સાહિત્યની વર્કશોપ અને ચર્ચા યોજીને લોકો સાથે જોડાણ કરવાનું કામ થાય છે.

★ **સહકાર:** આ પ્રોજેક્ટ સ્થાનિક શૈક્ષણિક સંસ્થાઓ, NGO અને સરકારી સંસ્થાઓ સાથે મળીને વધુ અસરકારક બને છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### શિવસેનાના નેતાઓએ દરેગાંવમાં તેમની બીમારીની જાણકારી આપી હતી

# એકનાથ શિંદેને જ્યુપિટર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

## સીએમ એકનાથ શિંદે સાથે તેમના પુત્ર શ્રીકાંત શિંદે પણ હાજર છે, સતત તાવ અને ગળામાં ઈન્ફેક્શનના કારણે મુખ્યમંત્રી પરેશાન છે



। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

મહારાષ્ટ્રમાં નવી સરકાર બનાવવાની હિલચાલ તેજ થઈ ગઈ છે, પરંતુ મહાયુતિના નેતા અને રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે બીમાર છે. તેની હાલત હજુ પણ સારી નથી. તેથી, તેનો ડેન્ગ્યુ અને મેલેરિયા માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. સતત તાવ આવે તો એન્ટિબાયોટિક્સ આપવામાં આવી છે. ડોક્ટરે જણાવ્યું કે આ કારણે તે ઘણી હદ સુધી નબળી પડી ગઈ છે. હવે તેને જ્યુપિટર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. જ્યુપીટર હોસ્પિટલના ડોક્ટરોની ટીમ તેની તપાસ કરશે. અહીં સીએમ એકનાથ શિંદે સાથે તેમના પુત્ર શ્રીકાંત શિંદે પણ હાજર છે. સતત તાવ અને ગળામાં ઈન્ફેક્શનના કારણે મુખ્યમંત્રી પરેશાન છે. મુખ્યમંત્રી એકનાથ શિંદે મહાગઠબંધનની બેઠક માટે દિલ્હી ગયા હતા. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથેની આ બેઠકમાં એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર હાજર હતા. આ બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા હાજર રહ્યા હતા. આ મીટિંગ પછી એકનાથ શિંદે મુંબઈ પરત ન ફર્યા અને સીધા સતારામાં તેમના ગામ ગયા હતા. જેના કારણે એકનાથ શિંદે નારાજ હોવાની ચર્ચા શરૂ થઈ હતી. શિવસેનાના નેતાઓએ દરેગાંવમાં તેમની બીમારીની જાણકારી આપી હતી. આ પછી એકનાથ શિંદેએ મીડિયા સાથે વાત કરી હતી. તેમજ એકનાથ શિંદેની સારવાર કરી રહેલા ડોક્ટરે તેમની સ્થિતિ વિશે માહિતી આપી હતી. એકનાથ શિંદે બે દિવસમાં દારેગાંવથી થાણેમાં તેમના નિવાસસ્થાને પાછા ફર્યા હતા. આ પછી પણ તેની સ્થિતિમાં સંપૂર્ણ સુધારો થયો નથી. હવે સ્પેશિયલ ડોકટરોની ટીમ તેમની જ્યુપિટર હોસ્પિટલમાં સારવાર કરી રહી છે. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. અગાઉ તેમનો ડેન્ગ્યુ માટે ટેસ્ટ કરવામાં આવ્યો હતો. રિપોર્ટ નેગેટિવ આવ્યો, પણ ડોક્ટરે કહ્યું કે તે કમજોર છે. આ કારણે તેને ફરીથી આરામ કરવાની સલાહ આપવામાં આવી હતી. નાદુરસ્ત તબિયતના કારણે એકનાથ શિંદે આજે કોઈ બેઠકમાં ભાગ લેશે નહીં. આજે મહાયુતિના નેતાઓની બેઠક યોજાવાની છે. તે પહેલા પણ એકનાથ શિંદેની તબિયત લથડી હતી. શિંદે જૂથના ઘણા ધારાસભ્યો તેમના નેતાને જોવા માટે થાણે આવી રહ્યા છે. કરજતના ધારાસભ્ય મહેન્દ્ર થોરવે થાણેમાં એકનાથ શિંદેના ઘરે પહોંચ્યા હતા. શિવસેનાના નેતા ભરત ગોગવાલે પણ એકનાથ શિંદેને મળવા પહોંચ્યા હતા. આ પ્રસંગે ભરત ગોગવાલે સાંસદ શ્રીકાંત શિંદેને મળ્યા હતા. બીજી તરફ ગુલાબરાવ પાટીલ અને સંજય શિરસાટે ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળે સાથે મુલાકાત કરી છે.

**ન્યૂઝ બ્રિફ**

### અમેરિકાએ ભારતને $1.17 બિલિયનના MH-60R હેલિકોપ્ટર ઇક્વિપમેન્ટના વેચાણને આપી મંજૂરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

US પ્રમખ બાઈડનના વહીવટીતંત્રે ભારતને MH-60R મલ્ટી-મિશન હેલિકોપ્ટર ઈક્વિપમેન્ટ અને સંબંધિત ઈક્વિપમેન્ટના વેચાણને મંજૂરી આપી છે. આ ઈક્વિપમેન્ટની ખરીદ કિંમત $1.17 બિલિયન છે. રાજકીય-સૈન્ય મામલે US સ્ટેટ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, સંરક્ષણ સુરક્ષા સહકાર એજન્સીએ કોંગ્રેસને એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે, પ્રસ્તાવિત વેચાણ ભારતની સબમરીન વિરોધી યુદ્ધ ક્ષમતાઓને અપગ્રેડ કરીને વર્તમાન અને ભવિષ્યના જોખમોને રોકવાની ક્ષમતામાં સુધારો કરશે. અહેવાલ અનુસાર, પ્રમખ બાઈડનના વહીવટીતંત્રે તેની ચાર વર્ષની મુદત પૂરી થવાના થોડા અઠવાડિયા પહેલા જ ભારતને મોટા સંરક્ષણ ઈક્વિપમેન્ટના વેચાણને મંજૂરી આપી હતી. પ્રમુખ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા પ્રમુખ તરીકે શપથ લેશે. નોટિફિકેશનમાં જણાવ્યા મુજબ, ભારતે ૩૦ મલ્ટિફંક્શનલ ઈન્ફર્મેશન ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ -જોઈન્ટ ટેક્ટિકલ રેડિયો સિસ્ટમ ફેસિલિટીનો અભ્યાસ, ડિઝાઇન, નિર્માણ અને સહાય, સહાયતા અને પરીક્ષણ ઈક્વિપમેન્ટ, યુદ્ધ સામગ્રીની ખરીદીની અપીલ કરી છે.

### ગુગલ મેપે ફરી અધૂરો રસ્તો બતાવ્યો! શોર્ટકટ લેતા કાર કેનાલમાં પડી



। (એજન્સી) બરેલી, તા.૩ ।

બરેલીમાં ફરી એકવાર ગુગલ મેપે દગો કર્યો. વાસ્તવમાં ધુમ્મસના કારણે ગૂગલ મેપનો ઉપયોગ કરીને પીલીભીત તરફ જઈ રહેલા યુવકની કાર શોર્ટકટ લેતા કેનાલમાં પડી ગઈ હતી. સદનસીબે કારમાં સવાર કોઈને ઈજા થઈ ન હતી. બીજી તરફ પોલીસને જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી કારને બહાર કાઢવા માટે ક્રેઈન બોલાવી હતી. તમને જણાવી દઈએ કે આ પહેલા ૨૪ નવેમ્બરના રોજ અધૂરા પુલ પરથી કાર પડી જતાં ત્રણ યુવકોના મોત થયા હતા. ઈજ્જતનગરના ઈન્સ્પેક્ટર ધનંજય પાંડેએ જણાવ્યું કે સોમવારે રાત્રે લગભગ ૩ વાગ્યે ઔરૈયા નિવાસી મહેન્દ્ર પ્રતાપ સિંહનો પુત્ર દિવ્યાંશુ તેના બે મિત્રો સાથે કારમાં પીલીભીત જઈ રહ્યો હતો. ગાઢ ધુમ્મસના કારણે તેઓએ ગુગલ મેપ ઈન્સ્ટોલ કર્યો હતો. જ્યારે ગૂગલે ઈજ્જતનગરના કાલાપુર પુલિયા પાસે શોર્ટકટ બતાવ્યો, ત્યારે તેઓએ કારને કેનાલ રોડ પર ડાયવર્ટ કરી. પરંતુ થોડે દૂર ચાલ્યા બાદ બરકાપુર તિરાહા ગામે રોડનું ધોવાણ થતાં કાર કેનાલમાં પલટી મારી ગઈ હતી. સદ્‌નસીબે કેનાલમાં પાણી ન હતું અને કારની સ્પીડ વધુ ન હતી, જેના કારણે કોઈને ઈજા થઈ ન હતી. તેઓએ કારને બહાર કાઢવાની કોશિશ કરી પરંતુ સફળ ન થતાં યુપી ૧૧૨ને ફોન કર્યો.

### MBBSના ૫ વિદ્યાર્થીઓના અકસ્માત

# કેરળમાં કાર બસ સાથે અથડાઈ, છત કાપીને મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા

## કારમાં ૭ લોકો સવાર હતા, જેમાંથી ૫ના મોત થયા હતા અને ૨ ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા

। (એજન્સી) કેરળ, તા.૩ ।

કેરળમાં ગઈકાલે રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો, જેમાં ૫ સ્મ્મ્જી વિદ્યાર્થીઓના મોત થયા હતા. બસ સાથે કાર અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર ૫ લોકોના મોત થયા હતા, જ્યારે બસમાં સવાર લોકો પણ ઘાયલ થયા હતા. રાહદારીઓએ બચાવ કામગીરી શરૂ કરી અને ઘાયલોને હોસ્પિટલ લઈ ગયા. પોલીસે ઘટનાસ્થળે આવીને



મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પરંતુ ક્ષતિગ્રસ્ત કારમાંથી મૃતદેહને બહાર કાઢવા પોલીસે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. બસ સાથે અથડાયા બાદ કાર કચડાઈ ગઈ હતી. આથી છત કાપીને મૃતદેહ બહાર કાઢવો પડ્યો હતો. કારમાં ૭ લોકો સવાર હતા, જેમાંથી ૫ના મોત થયા હતા અને ૨ ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે રોડ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર કેરળના અલપ્પુઝામાં કાલાકોડ પાસે આ અકસ્માત થયો હતો. કાર કેરળ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ની બસ સાથે અથડાઈ હતી. અકસ્માત કેમ અને કેવી રીતે થયો? પોલીસ હજુ સુધી આ વાત શોધી શકી નથી. પોલીસ ઘાયલોના નિવેદનની રાહ જોઈ રહી છે. મળતી માહિતી મુજબ, અકસ્માતમાં માર્યા ગયેલા વિદ્યાર્થીઓ અલપ્પુઝાની ટીડી મેડિકલ કોલેજમાં એમબીબીએસના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા હતા. મૃતકોની ઓળખ લક્ષદ્વીપના રહેવાસી દેવનંદન, મુહમ્મદ ઈબ્રાહિમ, આયુષ શાજી, શ્રીદીપ વલસન, મોહમ્મદ જબ્બાર તરીકે થઈ છે.

### પત્નીના આડા સંબંધની શંકામાં યુવકે ડબલ હત્યાકાંડમાં ફસાયો

। (એજન્સી) કાનપુર, તા.૩ ।

પાડોશીઓના રડવા અને ચીસોનો અવાજ સાંભળીને લોકોએ પોલીસને સૂચના આપી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે ગેટનો લોક તોડીને અંદર પહોંચી. અંદર બે મહિલા લોહીથી લથબથ હાલતમાં પડી હતી. આરોપી ત્યાં બેડ પર બેઠો હતો. પોલીસે ધરપકડ કરી તો આરોપીએ સનસનીખેજ ખુલાસો કર્યો.પાડોશીઓના રડવા અને ચીસોનો અવાજ સાંભળીને લોકોએ પોલીસને સૂચના આપી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે ગેટનો લોક તોડીને અંદર પહોંચી. અંદર બે મહિલા લોહીથી લથબથ હાલતમાં પડી હતી. આરોપી ત્યાં બેડ પર બેઠો હતો. પોલીસે ધરપકડ કરી તો આરોપીએ સનસનીખેજ ખુલાસો કર્યો. આરોપીએ પોલીસને કહ્યું કે, "તેને પત્ની અને સાસુની હત્યા કરવાનો કોઈ અફસોસ નથી. આરોપીએ કહ્યું કે, આ જ કારણ હતું કે, હું અહીંથી ભાગ્યો નથી. મેં ૭ વર્ષ પહેલા માસીની દીકરી કામિની સિંહ સાથે લવ મેરેજ કર્યા હતા. તેના માટે મેં બધું જ છોડી દીધું, પણ મારી પત્ની કામિનીએ મને દગો આપ્યો. તેનું દિલ્હીના એક યુવક સાથે અફેર ચાલતું હતું. મેં તેને વારંવાર સમજાવી પણ તે માની નહીં.

### સોફ્ટવેર ડેવલપર એક કૌભાંડનો ભોગ બન્યા

# ફોન પર '૧' દબાવીને ૧ લાખ રૂપિયા ગુમાવ્યા, આ રીતે બહાર આવ્યું કૌભાંડ

## સિંધુ ભવન રોડ પર ખાનગી પેઢીમાં કામ કરતા યુવાન પ્રોફેશનલને છેતરાયા હોવાનો અહેસાસ થતાં સોલા પોલીસ સાથે તેને આપવીતી શેર કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

શું તમને ક્યારેય એવો કોલ આવ્યો છે કે તમારું કુરિયર ડિલિવર થયું નથી? આપણામાંના મોટાભાગના લોકો વિચારશે કે તે માત્ર એક રુટિન અપડેટ છે અને વિચાર્યા વિના સૂચનાઓને ફૉલો કરશે. કમનસીબે, આ રીતે Ahmedabadના એક ૨૬ વર્ષીય સોફ્ટવેર ડેવલપર એક કૌભાંડનો ભોગ બન્યા, આ પ્રક્રિયામાં રૂ. ૧ લાખ ગુમાવ્યા. ઘાટલોડિયામાં રહેતા અને સિંધુ ભવન રોડ પર ખાનગી પેઢીમાં કામ કરતા યુવાન પ્રોફેશનલને છેતરાયા હોવાનો અહેસાસ થતાં સોલા પ



ોલીસ સાથે તેને આપવીતી શેર કરી હતી. આ બધું ત્યારે શરૂ થયું જ્યારે તેને એક ઓટોમેટેડ કોલ આવ્યો, જેમાં તેને અનડિલિવર્ડ કુરિયર વિશે જાણ કરવામાં આવી. IVR સિસ્ટમ પર વિશ્વાસ રાખીને, તેણે સૂચના મુજબ '૧' દબાવ્યું, એવા વ્યક્તિ સાથે કનેક્ટ થયો જેણે એવો દાવો કર્યો કે તેણી પાસે ચેન્નાઈથી મુંબઈ મોકલવામાં આવેલા પાર્સલની ડિટેલ છે. સ્કેમરે સચોટ આધાર વિગતો પણ આપી હતી, ફરિયાદીને કોલ અસલી હોવાનું માની લીધું અને ફસાઈ ગયો. ત્યાંથી, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાંથી સુનીલ દત્ત તરીકે ઓળખાતા કોઈને કોલ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. આ નકલી અધિકારીએ તેને જાણ કરી કે પાર્સલમાં છ બેંક કાર્ડ છે અને તેણે દાવો કર્યો કે તે કથિત નાણાકીય ગુનાઓ માટે હવે ડિજિટલ ધરપકડ હેઠળ છે. જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કથિત રીતે જારી કરાયેલ નકલી ધરપકડ વોરંટ બતાવવામાં આવ્યું ત્યારે પીડિત વધુ ડરી ગયો હતો.

### ખાવાનો વારો પાડી દીધો, બાદમાં ધોકાવાળી થઈ

# લખનઉ યુનિવર્સિટીના ૧૫૦ વિદ્યાર્થી મેરેજ હોલમાં બળજબરી ઘુસી ગયા

## જાનમાં લખનઉ યુનિવર્સિટીના છાત્રો ઘુસી ગયા હતા જાનૈયાઓ સાથે નાચવા લાગ્યા, તો તેનો વિરોધ કર્યો, બસ અહીંથી જ ડખો શરુ થયો

। (એજન્સી) લખનઉ, તા.૩ ।

ઉત્તર પ્રદેશના લખનઉમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અહીં લખનઉ યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ એક લગ્નપ્રસંગમાં ઘુસી ગયા હતા. જેને લઈને જાનૈયા અને માંડવીયા વચ્ચે ડખો થઈ ગયો. બાદમાં મેરેજ હોલમાં તોડફોડ શરુ થઈ ગઈ. લોકો સાથે મારપીટ થઈ અને બોમ્બ પણ ફોડ્યા. આ હુમલાની ઘટનામાં લગ્નમાં આવેલા કેટલાય મહેમાનો ઘાયલ થઈ ગયા હતા. બાદમાં તેની સૂચના પોલીસને આપવામાં આવી. પોલીસ આવતી જોઈ યુવકો ભાગી



ગયા હતા. આ કિસ્સો ડાલીગંજ વિસ્તારનો છે. અહીં રામાધીન મેરેજ હોલમાં એક જાન આવી હતી. મેરેજ સજીધજીને તૈયાર હતો. ત્યાંથી ૫૦૦ મીટર દૂર આઈટી ચોક પાસે જાનમાં લખનઉ યુનિવર્સિટીના છાત્રો ઘુસી ગયા હતા. જાનૈયાઓ સાથે નાચવા લાગ્યા, તો તેનો વિરોધ કર્યો. બસ અહીંથી જ ડખો શરુ થયો. બંને પક્ષ વચ્ચે ભારે મારામારી થઈ. તે સમયે રાતના ૧૧ વાગ્યા હતા. આ દરમ્યાન હોસ્ટેલના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ મેરેજ હોલમાં ઘુસી ગયા. ત્યા જઈને ખાવાનું ખાવા લાગ્યા. જ્યારે દુલ્હન પક્ષને આ વાત ખબર પડી તો તેમણે વિદ્યાર્થીઓને ત્યાંથી નીકળી જવા માટે કહ્યું. આ વાતને લઈને વિદ્યાર્થીઓ ગુસ્સે થઈ ગયા. તેમણે તો મેરેજ હોલમાં તોડફોડ શરુ કરી દીધી. ત્યાર બાદ લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓ એકઠા થઈ ગયા અને મારપીટ શરુ કરી દીધી. જાનમાં મહિલાઓ અને બાળકો ચિસો પાડવા લાગ્યા.

### તૌફિકના પુત્ર પર જાતિવાદી ટિપ્પણી કરવાનું શરૂ કર્યું

# યુએસમાં એરપોર્ટની શટલ બસમાં ભારતીય સામે અમેરિકન મહિલાનો વંશીય દુર્વ્યવહાર

## મહિલાએ કહ્યું- તમારો પરિવાર ભારતનો છે, તમને નિયમોનું સન્માન નથી, તમને લાગે છે કે તમે બધા પર દબાણ લાવી શકો છો, તમે લોકો પાગલ છો

। (એજન્સી) લોસ એન્જલસ, તા.૩ ।

લોસ એન્જલસ એરપોર્ટ પર શટલ બસમાં ભારતીય-અમેરિકન ફોટોગ્રાફર પરવેઝ તૌફીક અને તેના પરિવાર સાથે વંશીય દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. એક મહિલાએ તૌફિકના પરિવાર પર જાતિવાદી ટિપ્પણી કરી અને કહ્યું - તમારો પરિવાર ભારતનો છે, તમને નિયમોનું કોઈ સન્માન નથી. ભારતીયો પાગલ છે. મહિલાના આ ગાંડપણના કારણે યુનાઈટેડ એરલાઈન્સે તેને નો-ફ્લાય લિસ્ટમાં મૂકી દીધી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ઘટના ત્યારે શરૂ થઈ જ્યારે મહિલાએ તૌફિકના પુત્ર પર જાતિવાદી ટિપ્પણી કરવાનું શરૂ કર્યું. તૌફિકે વીડિયો બનાવવાની શરૂઆત કરતા જ મહિલાએ વચ્ચેની આંગળી બતાવતા બૂમો પાડવા લાગી. મહિલાએ કહ્યું- તમારો પરિવાર ભારતનો છે, તમને નિયમોનું સન્માન નથી, તમને લાગે છે કે



તમે બધા પર દબાણ લાવી શકો છો. તમે લોકો પાગલ છો. મહિલા પોતાને પીડિતા કહેવા લાગી. મામલો વધતો જોઈને જ્યારે સિક્યોરિટી ગાર્ડને બોલાવવામાં આવ્યો તો મહિલાએ પોતાને પીડિત ગણાવવાનું શરૂ કર્યું. મહિલાએ કહ્યું- તેને (એરલાઈનના કર્મચારીને) તેનાથી કોઈ ફરક નથી પડતો કે હું જાતિવાદી છું, તમે મારા માટે જાતિવાદી છો, હું અમેરિકન છું. તૌફીકે કહ્યું- અમે પણ અમેરિકન છીએ. જવાબમાં મહિલાએ કહ્યું- તમે મૂળ અમેરિકન નથી. તમે ભારતના છો. જોકે, અન્ય મુસાફરોએ ફોટોગ્રાફરને ટેકો આપ્યો હતો. ઘટનાનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર શેર કરતા તૌફીકે લખ્યું- અત્યારે મારું લોહી ઉકળી રહ્યું છે. હું માની શકતો નથી. તે મારા બાળકોને શાંત રહેવાનું કહેતી હતી, અને હું મારો ગુસ્સો ગુમાવી બેઠો હતો. મેં કહ્યું- તમને મારા બાળકો સાથે આ રીતે વાત કરવાનો કોઈ અધિકાર નથી. અમેરિકામાં ભારતીયો વિરુદ્ધ જાતિવાદી હિંસા વધી છે અમેરિકામાં છેલ્લા કેટલાક સમયથી ભારતીયો વિરુદ્ધ જાતિવાદી હિંસા વધી છે. ૨૦૨૪ના પ્રથમ ત્રણ મહિનામાં પણ ભારતીય વિદ્યાર્થીઓની હત્યાનો આંકડો બે આંકડાને પાર કરી ગયો હતો. કન્ઝર્વેટિવ પાર્ટીએ પણ અમેરિકી સંસદમાં આ અંગે પ્રશ્ન પૂછ્યો હતો. જેના જવાબમાં વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે આવી બાબતોને લઈને ઝીરો ટોલરન્સ નથી. ઈન્ડો-અમેરિકન ડેમોક્રેટ નેતા અને કોંગ્રેસમેન થાનેદારે હિન્દુફોબિયા સામે લડવાની વાત કરી.

### નાટકનું આયોજન ગામના કાંચિયાનાલા યાત્રા અંતર્ગત કરાવ્યું હતું

# રામાયણ ભજવતા કલાકારે મંચ પર જીવતા ભૂંડનું પેટ ફાડી નાખ્યું

## ઘટના બાદ અભિનેતા બિંબહાર ગૌડા અને નાટકના આયોજકો વિરુદ્ધ વન્યજીવ સંરક્ષણ અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધાઈ

। (એજન્સી) ઓડિશ, તા.૩ ।

ઓડિશાના ગંજમ જિલ્લાના રાલબ ગામમાં રામાયણ નાટકના મંચન દરમિયાન એક એવી ઘટના સામે આવી જેણે સૌ કોઈને હચમચાવી નાખ્યા. ૨૪ નવેમ્બરે, નાટકમાં એક રાક્ષસની ભૂમિકા નિભાવી રહેલા ૪૫ વર્ષીય અભિનેતા બિંબહાર ગૌડાએ મંચ પર એક જીવતા ભૂંડનું પેટ ફાડીને તેનું કાચું માંસ ખાઈ લીધું. આ ઘટના હિંજિલી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં થઈ, તેણે આખા રાજ્યમાં હોબાળો મચાવી દીધો. આ નાટકનું આયોજન ગામના કાંચિયાનાલા યાત્રા અંતર્ગત કરવામાં આવ્યું હતું. ઘટના બાદ અભિનેતા બિંબહાર ગૌડા અને નાટકના આયોજકો વિરુદ્ધ વન્યજીવ સંરક્ષણ અધિનિયમ



અંતર્ગત ફરિયાદ નોંધવામાં આવી અને તેમની ધરપકડ કરી લેવામાં આવી છે. જોકે ધરપકડ કરાયેલા આયોજકોના નામ જાહેર કરવામાં આવ્યા નથી. હિંજિલી પોલીસ સ્ટેશનના પ્રભારી શ્રીનિવાસ સેઠીએ જણાવ્યું કે, "આ મામલે કડક કાર્યવાહી કરવામાં આવશે." આ ઘટના બાદ આખા રાજ્યમાં વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયા છે. સોમવારે વિધાનસભામાં આ ઘટનાની આકરી નિંદા કરવામાં આવી. સત્તાધારી ભાજપના સભ્ય બાબુ સિંહ અને સનાતન બિજુલીએ ક્રૂર ઘટના પર રોષ વ્યક્ત કર્યો. પશુ અધિકાર કાર્યકર્તાઓએ આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.નાટકનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ અધિકારીઓ તરત કામે લાગી ગયા. બરહામપુર પ્રભાગીય વન અધિકારી સની ખોકરે જણાવ્યું કે, "મંચ પર સાંપોનું પ્રદર્શન કરનારા લોકોની પણ ધરપકડ કરવામાં આવશે. રાજ્ય સરકારે ગત વર્ષે ઓગસ્ટમાં જાહેર કરવામાં આવેલા દિશાનિર્દેશ અંતર્ગત જાહેર પ્રદર્શનમાં સાપોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ લગાવ્યો હતો, પણ આ નિયમોનું પાલન ન કરનારા વિરુદ્ધ હવે કડક કાર્યવાહી થશે."

## તંત્રી લેખ...

# બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ વિરુદ્ધ હિંસા ચાલુ છે

બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ વિરુદ્ધ હિંસા ચાલુ છે. સમગ્ર વિશ્વમાં કૃષ્ણ ભક્તિનો પ્રચાર કરતી સંસ્થા **ISKCON** સાથે સંકળાયેલા સંત ચિન્મય કૃષ્ણદાસને જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. તેના પર હિંસા ભડકાવવાનો આરોપ છે. બાંગ્લાદેશના હિન્દુઓમાં પણ આની સામે રોષ છે. આ દરમિયાન પૂર્વ **PM** શેખ હસીનાએ આરોપ લગાવ્યો છે કે, બાંગ્લાદેશમાં થઈ રહેલી નરસંહાર માટે વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ જવાબદાર છે. શેખ હસીનાએ તો મોહમ્મદ યુનુસને બાંગ્લાદેશમાં લઘુમતીઓ સામેની હિંસાના માસ્ટરમાઈન્ડ પણ ગણાવ્યા છે. શેખ હસીનાએ અવામી લીગના એક કાર્યક્રમને વર્ચ્યુઅલ રીતે સંબોધિત કરતા કહ્યું કે, મંદિરો અને ચર્ચો પર થયેલા હુમલા પાછળ મોહમ્મદ યુનુસનો હાથ છે. તેઓ આ ઘટનાઓ પાછળ માસ્ટરમાઈન્ડ તરીકે કામ કરી રહ્યા છે. ૫ ઓગસ્ટે તખ્તાપલટ બાદ ભારત આવેલા શેખ હસીનાએ કહ્યું કે, 'આજે મારા પર નરસંહાર કરવાનો આરોપ છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, મોહમ્મદ યુનુસ આ કરી રહ્યા છે. તે સંપૂર્ણ ડિઝાઈન સાથે કામ કરી રહ્યા છે. તેઓ વિદ્યાર્થી સંગઠનોના નામે સત્તામાં છે અને હવે લઘુમતીઓની હત્યા થઈ રહી છે. તે તેમના માસ્ટરમાઈન્ડ છે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના નેતા તારિક રહેમાને પણ કહ્યું છે કે, જો હત્યાઓ ચાલુ રહેશે તો સરકાર નહીં ચાલે. ઉલ્લેખનીય છે કે, તારિક રહેમાન બાંગ્લાદેશ નેશનલ પાર્ટીના નેતા બેગમ ખાલિદા જિયાના પુત્ર છે. મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર બની ત્યારથી જ લઘુમતીઓ પર હુમલાઓ થઈ રહ્યા છે. મોટી સંખ્યામાં તેમના ઘરો સળગાવવામાં આવ્યા, દુર્ગા પૂજા પંડાલો પર હુમલો કરવામાં આવ્યો અને હવે હિંસાની નવી લહેર ચાલી રહી છે. કૃષ્ણની ભક્તિનો પ્રચાર કરતી સંસ્થા **ISKCON**ને પણ નિશાન બનાવવામાં આવી રહી છે.

## નીતિ આયોગ હેઠળ અટલ ઇનોવેશન મિશન (એઆઈએમ) અને શીસ્ટૈમ (SheSTEM) ૨૦૨૪ની ઉજવણી કરવામાં આવી



નીતિ આયોગ હેઠળ અટલ ઈનોવેશન મિશન (એઆઈએમ) અને સ્વીડનના દૂતાવાસમાં ઓફિસ ઓફ સાયન્સ એન્ડ ઈનોવેશન, નોર્ડિક સહયોગીઓ - ઈનોવેશન નોર્વે, ઈનોવેશન સેન્ટર ડેન્માર્ક અને બિઝનેસ ફિનલેન્ડ સાથે ભાગીદારીમાં, **SheSTEM 2024**ના સફળ સમાપનની જાહેરાત કરતા આનંદ વ્યક્ત કર્યો છે. આ વાર્ષિક પહેલ **STEM**માં મહિલાઓના યોગદાનની ઉજવણી કરે છે અને વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ **(STEM)** માં કારકિર્દી શોધવા માટે યુવા દિમાગને પ્રોત્સાહિત કરીને નવીનતાઓની આગામી પેઢીને પ્રેરણા આપવા માટે ઉત્પ્રેરક તરીકે સેવા આપે છે. **SheSTEM 2024** ચેલેન્જમાં ભારતભરમાં ધોરણ ૬-૧૨ના વિદ્યાર્થીઓને બેટરી ટેકનોલોજી અને એનર્જી સ્ટોરેજ (બેસ્ટ) સિસ્ટમ પર કેન્દ્રિત નવીન વિચારો રજૂ કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. ઈન્ડિયા-નોર્ડિક બેસ્ટ પ્રોજેક્ટ-નો એક ભાગ, આ પડકારનો ઉદ્દેશ ઊર્જા સોલ્યુશન્સને આગળ વધારીને સ્થિરતાને પ્રોત્સાહન આપવાનો છે. સહભાગીઓને બે મિનિટના વીડિયો ફોર્મેટમાં ઊર્જા સંગ્રહ અને સ્થિરતા માટે તેમના પ્રોટોટાઈપ્સ અથવા વિભાવનાઓ પ્રસ્તુત કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. આ સ્પર્ધાને અપવાદરૂપ પ્રતિસાદ મળ્યો હતો, જેમાં ૧૦૦૦થી વધુ રજૂઆતો ભારતના યુવાનોની સર્જનાત્મકતા, સમસ્યાના સમાધાનના કૌશલ્યો અને ભવિષ્યલક્ષી માનસિકતાનું પ્રદર્શન કરતી હતી. પ્રસ્તુત કરવામાં આવેલા વિચારોમાં યુવાન નવપ્રવર્તકોની પ્રચંડ સંભાવના દર્શાવવામાં આવી છે, જેઓ ટકાઉપણું, ટેકનોલોજી અને વિજ્ઞાનમાં નેતૃત્વની ભૂમિકા નિભાવવા માટે તૈયાર છે. માત્ર એક સ્પર્ધાથી વધુ, **SheSTEM 2024**એ વિદ્યાર્થીઓને મહત્વપૂર્ણ સ્ટેમ વિષયો સાથે જોડાવા અને વૈશ્વિક સ્થિરતા પ્રયત્નોમાં ફાળો આપવા માટે એક પ્લેટફોર્મ પ્રદાન કર્યું છે. આ કાર્યક્રમમાં સહયોગ અને ટીમ વર્કના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જે આજના પડકારોનું સમાધાન કરવામાં સામૂહિક નવીનતાની શક્તિ પર ભાર મૂકે છે. ભારતમાં સ્વીડનના રાજદૂત, જેન થેસ્લેફે શેસ્ટેમ ૨૦૨૪ની અસર પર તેમના મંતવ્યો વ્યક્ત કરતા કહ્યું હતું કે, ''નવીનતા અને સહયોગ એક ટકાઉ વિશ્વના મૂળમાં છે, એક એવું વિશ્વ છે જે પોતાને જાળવવા માટે સખત મહેનત કરી રહ્યું છે. શેસ્ટેમ ૨૦૨૪એ યોગ્ય દિશામાં એક પગલું છે જે આગામી પેઢીને ઉર્જા સંગ્રહ અને તકનીકીઓ માટે નવીનતા અને ઉકેલો બનાવવા માટે પ્રેરણા આપવા માટે મદદ કરે છે. મને ખુશી છે કે આ વર્ષે શેસ્ટેમ ચેલેન્જ ઈન્ડિયા-નોર્ડિક બેટરી એન્ડ એનર્જી સ્ટોરેજ ટેકનોલોજીસ પ્રોજેક્ટનો ભાગ છે, જે નોર્ડિક ભાગીદારોને શૈક્ષણિક સંસ્થાઓ, વેપાર અને સરકારમાં ભારત સાથેભાગીદારીના ક્ષેત્રો શોધવા માટે એકમંચ પર લાવશે.'' અટલ ઈનોવેશન મિશન (એઆઈએમ)ના મિશન ડિરેક્ટર, ડો. ચિંતન વૈષ્ણવે આ કાર્યક્રમના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, ''એઆઈએમને શેસ્ટેમ ૨૦૨૪, યુવા પ્રતિભા, નવીનતા અને ભારતના વિદ્યાર્થીઓની અસીમ સંભાવનાઓનો ઉત્સવ હોવાનો ગર્વ છે. આ વર્ષનો પડકાર, ઊર્જા સંગ્રહ અને ટકાઉપણા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે કેટલાક સૌથી વધુ દબાણયુક્ત વૈશ્વિક પડકારોને સીધી રીતે સંબોધિત કરે છે. આ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને સામેલ કરીને, અમે માત્ર ભવિષ્યના સ્ટેમ લીડર્સને જ પ્રોત્સાહન આપી રહ્યા નથી, પરંતુ તેમને ટકાઉ અને ટેકનોલોજી-સંચાલિત વિશ્વને આકાર આપવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવવા માટે પણ સશક્ત બનાવી રહ્યા છીએ.'' શેસ્ટેમ ૨૦૨૪ની સફળતા યુવાનોની આગેવાની હેઠળની નવીનતાની અવિશ્વસનીય સંભવિતતા અને ટકાઉ ભવિષ્યના નિર્માણમાં જીઈ૨ શિક્ષણ જે મુખ્ય ભૂમિકા ભજવે છે તેના પર પ્રકાશ પાડે છે.

**જૂનાં રિત રિવાજ કે જે વિચારવામાં ખરેખર જૂનવાણી લાગે! પણ અમુક રિવાજો સારાં પણ હતાં, જેમ કે "સૂતક"! શું સૂતક પાળવું જોઈએ?**

# જૂનાં જમાનાનાં સ્નાન સૂતકના રિવાજ, કુટુંબનાં પ્રેમ સંબંધને ટકાવી રાખનારા હતાં!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**એક જ પરિવારમા રહેતાં હોવા છતાં, ઘરના સદસ્યો વચ્ચે હવે પહેલાં જેવું બોન્ડીંગ નથી, એવું લાગે, ટૂંકમાં પરિવાર લાગણીની બાબતે કંગાળ થતો જાય છે, કારણકે વ્યવહાર રુપિયાની રીતે જોવામાં આવે છે, જ્યારે ભેગા થાય ત્યારે એને વિશે ચર્ચા થાય કે પહેલા તો..! જેમ કે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા માં ભીડેનું સ્પેશિયલ વાક્ય "હમારે જમાને તો..**

સાંપ્રત સમયમાં બે પેઢી વચ્ચેનો જનરેશન ગેપ વધતો જાય છે, અને એક જ પરિવારમા રહેતાં હોવા છતાં, ઘરના સદસ્યો વચ્ચે હવે પહેલાં જેવું બોન્ડીંગ નથી, એવું લાગે. ટૂંકમાં પરિવાર લાગણીની બાબતે કંગાળ થતો જાય છે, કારણકે વ્યવહાર રુપિયાની રીતે જોવામાં આવે છે. જ્યારે ભેગા થાય ત્યારે એને વિશે ચર્ચા થાય કે પહેલા તો..! જેમ કે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા માં ભીડેનું સ્પેશિયલ વાક્ય "હમારે જમાને તો.... આજે બુધવારની બોધકથામાં જૂનાં રિત રિવાજ કે જે વિચારવામાં ખરેખર જૂનવાણી લાગે! પણ અમુક રિવાજો સારાં પણ હતાં, જેમ કે "સૂતક"! શું સૂતક પાળવું જોઈએ? એમાં ન જતાં એ રિવાજને કારણે પરિવારમાં એક બોન્ડિગ રહેતું એ સત્ય છે. સાંજનું બધું કામ પરવારીને માધવી પોતાના એપાર્ટમેન્ટમાં બધાનાં આવવાની રાહ જોઈને બેઠી હતી. એની નજર ઘડિયાળ તરફ ગઈ અને એને વિચાર્યું કે હજી તો અડધી કલાક છે. મોના અને મોન્ટુ પોતાના ટ્યુશન ક્લાસ માંથી ફ્રેન્ડ સર્કલમાં જશે! ક્યાંક ટીપોસ્ટ પર ચા પીશે અથવા ગરમાગરમ સૂપ પીશે! અને પછી ઘરે આવશે, તો મૌલેશને પણ કંઈક કંઈક તો હોય જ! એક પોતે છે કે આ ઘર નામના ખીલે બંધાયેલી છે. ત્યાં જ એનાં ફોનની રીંગ વાગી અને એણે ફોન ઉપાડ્યો, તો સામેથી એની નણંદ સુરેખાનો અવાજ આવ્યો! ભાભી ચંદુ કાકા ગુજરી ગયા છે! અને આવતીકાલે સવારે અંતિમવિધિ રાખી છે! ભાઈને કહેજો સાવ ઘરનું મરણ છે! અને હવે તો કુટુંબમાં કોઈ વડીલ રહ્યું પણ નથી એટલે જવું પડશે, અને પપ્પાના સગાં ભાઈ એટલે આપણને તેર દિવસનું સૂતક પણ લાગે! પણ મૌલેશને આની માટે સમજાવવા એ બહુ અઘરું કાર્ય હતું. એટલે એવું નહોતું કે એને લાગણી નહોતી, પણ એ શોક સૂતકમાં માનતા નહોતા. માધવીને પોતે પરણીને આવી એ દિવસો યાદ આવી ગયાં, એટલે કે મૌલેશના મા કપિલા બા ત્યારે જીવતા હતા. બહુ નાની ઉંમરે વિધવા થયા હતાં, એટલે મર્યાદાને નામે સમાજે એની પર બહુ પાબંદી લગાવી હતી, અને એને કારણે એ એકદમ રુઢિચુસ્ત હતાં! મઝાલ છે કોઈની કે એની વાત ન માને! કુટુંબનું કોઈપણ મરણ થાય એટલે તેર દિવસ સુધી કાળા કે સફેદ કપડા પહેરવાનાં, ઘરમાં કોઈ સારું પકવાન બને નહીં, નજીકનું મરણ હોય તો ચૂંક ચાંદલામાં પણ શોક! ટીવી તો એ સમયે હતાં નહીં, પણ ફિલ્મ જોવા જવું



કે રેસ્ટોરન્ટમાં જવું એવું કંઈ જ નહીં! સગાં સંબંધીને ત્યાં સારો પ્રસંગ હોય તો એમાં પણ જવાનું નહીં. નાની મોટી કોઈ નવી ખરીદી પણ કરવાની નહીં, રેડિયો સાંભળવાનો નહીં, ગીત ગાવાનાં નહીં અને બને એટલું એની પાછળ ગીતાપાઠ ભજન કે નામ સ્મરણ કરવાનું. સાવ નજીકનું હોય તો વર્ષી વાળે ત્યાં સુધી અમુક શોક રાખવા પડતા! અને સાચે એને પણ ત્યારે આ બધું વધું પડતું લાગતું! પણ આજે જે રીતે મરણ વિધિને તેર દિવસમાં જ પતાવી દેવામાં આવે છે, એ વિચારતાં એવું લાગે કે, થોડુંક સારું પણ હતું! એટલે કે મરનાર કે જેણે આ કુટુંબ માટે આખી જિંદગી જે કંઈ સમર્પણ કર્યું હોય એને થોડુંકે માન સન્માન પણ મળવું જ જોઈએ! બા કાયમ કહેતા મોત નો મલાજો જળવાય નહીં તો ખાક છે, આપણા સંસ્કારોમાં! હા દેવ દર્શન કે પૂજા વિધિનો બાદ એણે ક્યારેય રાખ્યો નહોતો! આસપાસનાં ઘરમાં ક્યાંક એ દિવસોમાં ધાર્મિક યજ્ઞ કે એવું કંઈ હોય તો અખંડ દીવાનું ઘી મુકવા જવાનું કહે! પ્રસાદ પણ મોકલે ! નબળો પરિવાર હોય તો રુપિયા પણ મોકલે! ઘરમાંથી ઠામ વાસણ બાજોઠ પાટલા કે વસ્ત્રો પણ પહેરવા માટે આપે! આવી સમાજસેવા માટે પોતાની જરૂરિયાત પર કાપ મૂકવા માટે હંમેશા તત્પર! માધવીએ સ્નાન કરીને સફેદ કપડા પહેર્યાં, કારણકે એ પરણીને આવી ત્યારે, ચંદુકાકા એ તેને ખૂબ લાડ કર્યા હતાં, જ્યારે આવે ત્યારે કંઈક કંઈક લઈને જ આવે, અને એ ચંદુકાકા વિશે વિચારવા લાગી એમ એમ એમનાં જવાનું દુઃખ વધતું ગયું, પછી વારાફરતી ત્રણે જણા આવી ગયાં. માધવીએ સુરેખાનો ફોન આવ્યો હતો, અને ચંદુકાકા ગુજરી ગયાની વાત કરી, અને ડરતાં ડરતાં ૧૩ દિવસના સુતકની પણ વાત કરી. મૌલેશ એકદમ હસી પડ્યો, અને કહ્યું શું માધવી તું પણ જૂનવાણી થતી જાય છે! આ ઉંમરની અસર છે કે પછી.. માધવી એ કહ્યું ના આ મોતનો મલાજો છે.. અને મેં નક્કી કર્યું છે કે હું એ રાખીશ. મૌલેશ વિચારો આવતીકાલે આપણે પણ... શું તેર દિવસ સુધી આપણા સંતાનો આપણને યાદ કરે, આપણો પરિવાર આપણને યાદ કરે, કે આપણી માટે કંઈક છોડે તો આપણને ગમે કે ન ગમે,? જેણે આપણી માટે જીંદગી ખર્ચી નાખી હોય એની માટે આપણે કંઈ જતું ન કરી શકીએ? આપણે રીત રિવાજને અપનાવીશું, તો આપણા સંતાનો પણ એ શીખશે! આટલું બોલી માધવી મૌલેશને વિચારતો મુકી કિચન તરફ ચાલી ગઈ. જમવામાં ખીચડી શાક જોઈ મોના અને મોન્ટુ એ મોઢું બગાડ્યું, એટલે માધવીએ કહ્યું બેટા ચંદુ કાકા ગુજરી ગયા છે એટલે ૧૩ દિવસ સુધી ઘરમાં કોઈ વ્યંજન નહીં બને! કોણ ચંદુકાકા! અમે તો એને એટલાં જોયા પણ નથી? તો એની માટે અમે શું કામ શોક રાખીએ! શું મોમ તું પણ ૨૧મી સદીમાં આ શોક અને સુતક લઈને બેઠી છે! મૌલેશે ચુપકી તોડતા કહ્યું ચંદુકાકા મારા કાકા હતા, અને મારા પપ્પા બહું નાની ઉંમરમાં ગુજરી ગયાં એટલે ભણવામાં જોઈતી બધી વસ્તુઓ એ લાવી આપતાં અને સુરેખાને તો પહેલું રમકડું પણ એમણે જ અપાવ્યું હતું. પહેલાં વિધવા માટે બહુ કુરિવાજો હતાં, અને ત્યારે બા માટે પણ એ સમાજ સામે દિવાલ થઈને ઉભા રહેતાં. માધવી સાચું કહે છે! હું બધું ભૂલીને એની ખબર કાઢવા પણ ન ગયો!; એનો મને બહુ અફસોસ થાય છે, પણ એનાં મોતનો મલાજો તો હું પણ રાખીશ! તમે લોકો સાચું કહો છો કે એની સાથે તમારે કોઈ લેવાદેવા નથી! પણ આ ડેડી સાથે તો છે ને! એ ન્હોત તો હું આટલું ભણી શક્યો ન્હોત! એણે કાયમ મને શારિરીક માનસિક અને આર્થિક બળ પૂરું પાડ્યું છે. મારી આજની પોઝિશન માટે એ જવાબદાર છે! અને આ પોઝિશન છે, તો તમારા બધાં મોજશોખ છે! કોઈ દબાણ નથી, પણ વિચારો કે એનો કંઈ રીતે આભાર માનશો! મોન્ટુ અને મોના બંને એ કહ્યું યસ ડેડી! અમે પણ એમના મોત નો મલાજો રાખીશું... તો મિત્રો આવાં રિવાજ કે જે પરિવારને જોડતા હતાં, એકબીજાના દુઃખ દર્દ માટે કુરબાની આપવા કાયમ તૈયાર રહેતા હતાં. ક્યાંક આધુનિક એટિટ્યુટ કે ક્યાંક આત્મા અમર છે, એવું અધુરું જ્ઞાન અને ક્યાંક વધતી ભોગ વૃત્તિનું વળગણ ! શું પહેલાંનાં લોકો અજ્ઞાની હતાં! એમને આટલું ગીતાનું સહજ જ્ઞાન નહોતું ? પણ આપણા વડવાઓ પાસે એવું કંઈક તો હતું જ, જે આપણે ચૂકી ગયાં અને એટલે પરિવાર તૂટે છે.

**સંત જનાબાઈ વિઠ્ઠલને ક્યારેક પોતાની માતા, ક્યારેક પિતા, ક્યારેક પુત્ર તો ક્યારેક સખા માનતી હતી**


# મહારાષ્ટ્રની મીરાં એટલે સંત જનાબાઈ, ભક્ત બીજ પલટે નહિ, જો જુગ જાય અનંત ઊંચ-નીચ ઘર અવતરે, તોય સંત કે સંત



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સંત જનાબાઈની ભાવ કવિતા ભગવતની પ્રીતિથી ઓતપ્રોત છે, સંત જનાબાઈનાં નામ પર લગભગ ૩૫૦ અભંગ (નાની કવિતા) સકલ સંત ગાથામાં મુદ્રિત છે, આની અતિરિક્ત કૃષ્ણ જન્મ, અન્ય બાલકીડા, દશાવતાર, પ્રહલાદચરિત, હરિશ્ચંદ્રાખ્યાન, દ્રૌપદી વસ્ત્રહરણ એવાં આખ્યાન આદિ રચનાઓ એમણે ગુરુની પ્રતિ એમનો ભક્તિ અને પ્રેમ ભાવ તથા કૃતજ્ઞતા અને ભાવ એમના અભંગમાં વ્યક્ત થયો છે.**

ભારતની ગુજરાત રાજસ્થાન મહારાષ્ટ્ર ભૂમિએ અનેક મહાન સંતોને જન્મ આપ્યો છે. એમાં કેટલાંક પુરુષ સંત છે તો કેટલાંક મહાન સ્ત્રી સંત પણ છે. રાજસ્થાનના મેવાડ મેડતાના મીરાંબાઈ, સૌરાષ્ટ્રના મીરાં ગંગા સતી અને આજે આપણે માગશર સુદ ત્રીજને બુધવારે જેની વાત કરવા જઈ રહયા છીએ એ મહારાષ્ટ્રની મીરાં એટલે સંત જનાબાઈ. આ જ પરંપરામાં સંત જનાબાઈનો પરિચય "નામયાકી દાસી"અર્થાત સંત નામદેવજીની દાસીનાં રૂપમાં પ્રસિદ્ધ છે. સંત જનાબાઈને મહારાષ્ટ્રના એક કવયિત્રીનાં રૂપમાં પણ જાણે શ્રેષ્ઠ એક કવયિત્રીનાં રૂપ માં પણ જાણ છે!એમણે પોતાનાં કાવ્યના માધ્યમથી દાસ્યભક્તિ, વાત્સલ્ય ભાવ,યોગ માર્ગ અને એની સાથે સાથે ધર્મરક્ષા માટે લેવામાં આવેલાં અવતારોનું કાર્ય પણ વર્ણિત કર્યું છે. વિશેષ વાત તો એ છેકે અગિયારમી સદીમાં એક સ્ત્રી થઈને છ-સાત વર્ષની ઉમર માં જ બીજાના ઘરની દાસી થઈને એમણે કાવ્યથી જ સામાન્ય જણને માર્ગદર્શન આપ્યું છે. જનાબાઈનો જન્મ મહારાષ્ટ્રના મરાઠાવાડા પ્રદેશમાં પરભણી મંડલનાં ગામમાં ગંગાખેડમાં દમા અને એના પતિ કરંડ નામનાં શુદ્ર જાતિના વિઠ્ઠલ ભક્તના ઘરમાં થયો. એનાં પિતાએ પતિનાં નિધન પછી જનાબાઈને થયો.એનાં પિતાએ પતિનાં નિધન પછી જનાબાઈને પંઢરપુરનાં વિઠ્ઠલ ભક્ત દામાશેટ્ટીના હાથોમાં સોંપી દીધી અને સ્વયં પણ સંસાર છોડી ગયાં.આ પ્રકારે છ- સાત વર્ષની ઉમરમાં જ જનાબાઈ અનાથ થઈને દામાશેટ્ટીના ઘરમાં દાસી થઈને રહેવા લાગી. એમનાં ઘરમાં આવ્યાં પછી દામા શેરૂને પુત્રરત્ન પ્રાપ્ત થયો,એજ પ્રસિધ્ધ સંત નામદેવ મહારાજ હતાં. આજીવન જનાબાઈએ એમની સેવા કરી સંત નામદેવ મહારાજ નાં સત્સંગમાં જ જનાબાઈને પણ વિઠ્ઠલ ભક્તિની આસ લાગી ઘરકામ કરતી વખતે એ નામજાપ કરવાં લાગી.થોડાંક જ દિવસોમાં એમનું નામ-જાપ નિરંતર થવાં લાગ્યું.સંત નામદેવ મહારાજે એને પોતાની શિષ્ય તરીકે સ્વીકારી લીધી. પરંતુ જનાબાઈએ સ્વયંનો ઉલ્લેખ ક્યારેય શિષ્ય ન કરતાં માત્ર એમની દાસી તરીકે જ ઓળખાવાનું મુનાસીબ માન્યું. સંત જનાબાઈની ભાવ કવિતા ભગવતની પ્રીતિથી ઓતપ્રોત છે. સંત જનાબાઈનાં નામ પર લગભગ ૩૫૦ અભંગ (નાની કવિતા) સકલ સંત ગાથામાં મુદ્રિત છે. આની અતિરિક્ત કૃષ્ણ જન્મ, અન્ય બાલકીડા, દશાવતાર, પ્રહલાદચરિત, હરિશ્ચંદ્રાખ્યાન, દ્રૌપદી વસ્ત્રહરણ એવાં આખ્યાન આદિ રચનાઓ એમણે ગુરુની પ્રતિ એમનો ભક્તિ-પ્રેમ ભાવ તથા કૃતજ્ઞતા -ભાવ એમના અભંગમાં વ્યક્ત થયો છે. વિવાહ માટેજયારે વર વધુનાં ઘરે આવે છે તો એમની



संत जनाबाई

સાથે આવવાવાળા જાનૈયાઓને અનાયાસ જ મિષ્ટાન તથા માન-સન્માનનો લાભ મળે છે. એજ પ્રકારે સંત નામદેવજીએ મને શિષ્ય અર્થાત દાસીના રૂપમાં સ્વીકાર કરવાને કારણે મને વિઠ્ઠલ પ્રાપ્તિ થઈ છે !!! સંત જનાબાઈ વિઠ્ઠલને કયારેક પોતાની માતા, કયારેક પિતા, કયારેક પુત્ર તો ક્યારેક સખા માનતી હતી. અતિ મનની સ્થિતિ કેવી પણ હોય. પ્રત્યેક પ્રસંગમાં એ વિઠ્ઠલનાં સ્મરણમાં જ રહેતી હતી.ઘરના સદસ્યોની સંખ્યા કુલ પંદર હતી. દાસી હોવાનાં કારણે પ્રાયઃ ઘરનાં બધાં જ કામો એણે જ કરવાં પડતાં હતાં.કપડાં ધોવાં, વાસણ માજવા, સ્વચ્છતા, નદીમાંથી પાણી ભરી લાવવું,અનાજ વિણવું દળવુ, ઝાડું મારવું ઘર-આગણમાં લિપણ-પોતા કરવા, રંગોળી સજાવવી,નગર બહારથી લાકડાઓ શોધી લાવવી એવાં બધાં બહુજ કામો એને કરવાં પડતાં હતાં. વિઠ્ઠલ એમની સાથે બધાં જ કાર્યો કરતાં ચક્કી ચલાવતી તો વિઠ્ઠલ એમની સાથે ચક્કી જયારેએ ચલાવતા, જયારે એ છાણાં થાપતીએ પણ છાણાં થાપવાં લાગતાં અનેજયારે બધાં જ કામોમાંથી ફુરસત મળતી તો વિઠ્ઠલ એમનાં વાળમાં માખણ લગાડીને માલીશ કરતાં પછી એમણે નવડાવતાં.... આ રીતે વિઠ્ઠલનાથ જનાબાઈની દરેક રીતે મદદ કરતાં રહેતાં હતાં અને દરેક વખતે એમની સાથેને સાથે જ રહેતાં હતાં.સાથે જ વિઠ્ઠલ પ્રતિદિન રાતના એમની સાથે વાતો કરવાં આવતાં હતાં અને બંને જણ વાર્તાલાપ માં તન્મય થઈ જતાં પરંતુ એકદિવસ વાત કરતાં કરતાં વિઠ્ઠલજીને નિદ્રા આવીગઈ,પરંતુ સમય પર જાગૃત ન થવાના કારણે જનાબાઈએ એમણે જગાડયાં. વિલંબ થવાનાં કારણે હડબડીમાં વિઠ્ઠલ પોતાનું ઉપરણું અને આભુષણ ત્યાં જ ભૂલીને જનાબાઈની ચાદર ઓઢીને દોડતાં દોડતાં મંદિરમાં જઈને ઉભાં રહી ગયાં એટલામાં પૂજા કરવાવાળા બ્રાહ્મણો આવ્યાં એમણે જોયું કે ભગવાન વિઠ્ઠલ નાં અંગ પર આભુષણ તથા ઉપરણ ન હોઈને એક ફાટેલી ચાદર છે બ્રાહ્મણને લાગ્યું કે એ ચોરી થઈ ગયાં છે!!!! રાજાને કાને આ વાત પહોંચાડી પુછપરછ કરવાં પર એ જ્ઞાત થયું કે એ ફાટેલી ચાદર જનાબાઈની છે!!!! લોકો એને ચોર સમજીને મારવા લાગ્યા જનાબાઈ વિઠ્ઠલને યાદ કરવાં લાગી,પણ વિઠ્ઠલ ના આવ્યાં એટલે જનાબાઈને એમનાં પર બહુજ ક્રોધ આવ્યો. રાજાએ જનાબાઈને શૂળીએ ચઢાવી દેવાનો હુકમ કર્યો. રાજાજ્ઞા અનુસાર ચંદ્રભાગા નદી તટ પર શૂળીની બધી જ સિદ્ધતા થઈ ગઈ. એમણે અંતિમ ઈચ્છા પૂછી તો જનાબાઈએ વિઠ્ઠલનાં દર્શનની આસ બતાવી.એમણે દર્શન માટે મંદિરમાં લાવવામાં આવ્યાં જ્યાં વિઠ્ઠલ રૂઠેલું મો કરીને ઉભાં છે.આ જોઈને એમનો વાત્સલ્યભાવ જાગૃત થયો!!! એમણે બહુજ વત્સલતા પૂર્વક કહ્યું " વિઠ્ઠલા તમારે કારણે જ મારે બહુજ શ્રમ ઉઠાવવાં પડયાં છે.મારાથી બહુજ અપ રાધ થયાં છે... મને ક્ષમા કરી દો !!!" એટલું કહેતાં જ એમનાં નેત્રો ભરાઈ આવ્યાં અને વિઠ્ઠલને ગળે લગાડીને પોતાના પાલવથી વિઠ્ઠલ નું મુખ લૂછતાં લૂછતાં જનાબાઈ એમણે સાંત્વના આપવાં લાગી કે"મારાં જીવનધાર તમે દુઃખી ના થાઓ" ત્યાંથી લોકો ચંદ્રભાગા નદી તટ પર આવ્યાં. ભક્ત પુંડલિકના મંદિરમાં જઈને દર્શન કર્યા અને એ શૂળીની સામે જઈને ઉભી રહી ગઈ.અચાનક એ શૂળીનું રૂપ આંતર એકાએક ચંપાના ફૂલોથી હર્યાભર્યા ઝાડમાં થઈ ગયું. બધાં લોકો આશ્ચર્યથી જોવા લાગ્યાં. ત્યાં વૃક્ષનું પણ પાણી થઈ ગયું. બધાં લોકોએ જનાબાઈનો જય જય કાર કર્યો.જનાબાઈજીને થઈ બ્રહ્મ જ્ઞાનની પ્રાપ્તિ, જયારે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું તો સર્વત્ર વિઠ્ઠલ જ દેખાવાં લાગ્યાં. પોતાની આ અવસ્થાનું વર્ણનએ આ પ્રકારે કરે છે કે અન્નરૂપ તથા જલરૂપ બ્રહ્મનું સેવન કરું છું, શય્યારૂપ બ્રહ્મ પર નિદ્રા લઉં છું જીવનરૂપી બ્રહ્મ સાથે વ્યવહાર કરું છું.આ વ્યવહારમાં,હું બધાંમાંથી બ્રહ્મ લઉં છું. જ્યાં ત્યાં બસ બ્રહ્મ જ જોઉં છું હું સ્વા અંતરી બ્રહ્મ જ થઈ ગઈ છું!!! સમાધિ એમણે પોતાના ઉદાહરણથી સમસ્ત સંસારને બતાવી આપ્યું કે ઈશ્વર પ્રાપ્તિ માટે કર્મકાંડ ધન સંપત્તિની,ઘર સંસારનો ત્યાગ કરવાની અથવા કોઈપણ આડંબરની આવશ્યકતા ના હોઈને કેવળ ભગવાન પ્રત્યે શુદ્ધ ભાવ જ હોવો આવશ્યક છે આ મહાન સંત કવયિત્રી જનાબાઈએ શ્રીક્ષેત્ર પંઢરપુરનાં મહાદ્વારમાં અષાઢ વદ તેરસને સંવત ૧૨૭૨નાં રોજ સમાધી લઈ લીધી તથા વિઠ્ઠલ ભગવાનમાં વિલીન થઈ ગઈ. ખરેખર ભારતની ભવ્ય ભૂમિ પર સંત શૂરાઓએ સંસ્કૃતિનું જતન કરી તેને ભવ્યતા બક્ષી છે. આજના લેખમાં મહા રાષ્ટ્રનાં મીરાંબાઈ સંત જનાબાઈના જીવનની થોડી ઝરમર રજૂ કરી ધન્યતા અનુભવું છું.

### વોકર બ્લેન્કો શિકાગોનો ભૂતપૂર્વ મોડલ છે

# અનન્યાને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળતા જ તેનો બોયફ્રેન્ડ ખુશીથી પાગલ

અનન્યા પાંડે તેની ફિલ્મોની સાથે સાથે તેના અંગત જીવનને કારણે ઘણી વાર ચર્ચામાં રહે છે. રવિવારે, અનન્યા પાંડેને નેટફિલક્સ ફિલ્મ 'ખો ગયે હમ કહાં' માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો, ત્યારબાદ તેના રૂમર્ડ બોયળેન્ડ વોકર બ્લેન્કોએ એક પોસ્ટ શેર કરી હતી અને અભિનેત્રી પર ઘણો પ્રેમ વરસાવ્યો હતો. તેની આ પોસ્ટે સોશિયલ મીડિયા યુઝરનું ઘણું ધ્યાન ખેંચ્યું છે.આદિત્ય રોય કપૂર સાથેના બ્રેકઅપ પછી અનન્યા પાંડેના સંબંધ વિશે ચાહકો ખૂબ જ ઉત્સુક છે. ઘણા સમયથી તે જાણવા માટે ઉત્સુક છે કે અનન્યા પાંડે આ દિવસોમાં કોને ડેટ કરી રહી છે. અભિનેત્રીનું નામ મોડલ વોકર બ્લેન્કો સાથે લાંબા સમયથી જોડાઈ રહ્યું હતું. તેણે અભિનેત્રીના જન્મદિવસ પર પ્રેમ ભરેલી પોસ્ટ શેર કરીને તેમના સંબંધોની લગભગ પુષ્ટિ કરી દીધી હતી. હવે ગયા રવિવારે રાત્રે અનન્યા પાંડેએ ફિલ્મફેર એવોર્ડ જીત્યો હતો, જે પછી તેના રૂમર્ડ બોયફ્રેન્ડે ફરી એકવાર તેના પર ખુલ્લેઆમ પ્રેમ વરસાવ્યો છે. અનન્યા પાંડેને ફિલ્મફેર એવોર્ડ્સમાં બેસ્ટ એક્ટર ફીમેલ ક્રિટીકસ ચોઈસ એવોર્ડ મળ્યો હતો. તેને આ એવોર્ડ ફિલ્મ 'ખો ગયે હમ કહાં' માટે મળ્યો હતો. અનન્યાને આ એવોર્ડ મળ્યા બાદ તેના ચાહકો અને મિત્રોની ખુશીની



કોઈ સીમા ન રહી. સુહાના ખાન, નવ્યા નવેલી નંદા સહિત અનન્યા પાંડેના ઘણા મિત્રોએ તેના માટે પોસ્ટ શેર કરીને તેને અભિનંદન પાઠવ્યા હતા.અનન્યાની જીતથી બોયફ્રેન્ડ ખુશ છેઅભિનેત્રીના રૂમર્ડ બોયફ્રેન્ડ વોકર બ્લેન્કોની પોસ્ટે સૌથી વધુ ધ્યાન આકર્ષિત કર્યુ છે. વિદેશી મોડલે અભિનેત્રીનો ફિલ્મફેર સાથેનો ફોટો શેર કર્યો હતો. અનન્યા પાંડેએ પણ સ્ટોરીમાં તેની આ પોસ્ટને ફરીથી શેર કરી છે. વિદેશી મોડેલ રૂમર્ડ બોયફ્રેન્ડની પોસ્ટને ફરીથી શેર કરતી વખતે, તેણીએ લખ્યું, 'વોકી'. ત્યારપછી ફરી એકવાર તેમના સંબંધોને લઈને સોશિયલ મીડિયા પર ઘણી અટકળો લગાવવામાં આવી રહી છે.'ખો ગયે હમ કહાં' ફેમ અનન્યા પાંડેની વાત કરીએ તો તેનો રૂમર્ડ બોયફ્રેન્ડ વોકર બ્લેન્કો એક મોડલ છે. વોકર બ્લેન્કો શિકાગોનો ભૂતપૂર્વ મોડલ છે. તેણે વેસ્ટ મિન્સ્ટર ક્રિશ્ચિયન સ્કૂલમાં અભ્યાસ કર્યો છે. આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વોકર આ દિવસોમાં વંટારામાં કામ કરે છે. તેના સોશિયલ મીડિયા હેન્ડલને જોઈને અનુમાન લગાવી શકાય છે કે તે એનિમલ લવર છે.



**નેટફ્લિક્સ ફિલ્મ 'ખો ગયે હમ કહાં' માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો**

### ચાહકો દ્વારા ફિલ્મ 'પુષ્પા ૨'ની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે

# સામંથા કરતા ઓછી ફી મળી? ચર્ચાનો અંત લાવો

આતુરતાપૂર્વક 'પુષ્પા ૨'ની રાહ જોવાઈ રહી છે. પુષ્પાના ફૅન છેલ્લા ત્રણ વર્ષથી આ ફિલ્મની સિક્વલની રાહ જોઈ રહ્યા છે. ડિરેક્ટર સુકુમારની આ સિક્વલની એક્શન અને ડ્રામા માટે આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે, જેનું ત્રીજું ગીત હવે આવી ગયું છે. આ એક સ્પેશિયલ ડાન્સ નંબર છે, 'કિસિક' જેમાં શ્રીલીલા હોટ અવતારમાં જોવા મળી. જોકે, આ સોંગને દર્શકો તરફથી મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. ઘણા લોકોને આ ગીતમાં મજા આવી તો ઘણાને 'ઊ અંટવા' જેવો જાદુ દેખાતો નથી. આ સરખામણીની વચ્ચે સામંથા કરતાં ઓછી ફી અંગે અટકળોએ વેગ પકડ્યો છે. આ મામલે ખુલાસો કરતાં શ્રીલીલાએ આવી ચર્ચાનો અંત લાવવા માગણી કરી છે. સમંથાનું આ ગીત આવ્યું



ત્યારે લોકોને જાણે આ ગીતે લત લગાડી દીધી હતી. દેવી શ્રી પ્રસાદ દ્વારા કમ્પોઝ થયેલાં પુષ્પાનાં બધાં જ ગીતો ધમાકેદાર હતા. જોકે, શ્રીલીલાનું કહેવું છે કે દર્શકો ફિલ્મ જોશે તો તેમને સમજાશે કે મારી પસંદગી યોગ્ય હતી અને આ કોઈ ટિપીકલ આઈટમ નંબર નથી. આ ગીત ફિલ્મમાં મહત્વના પડાવ પર આવે છે.શ્રીલીલાને આ ગીત માટે સામંથાથી ઓછી ફી મળી હોવાની પણ ચર્ચા હતી. આ અંગે શ્રીલીલાએ કહ્યું કે મેં તો હજુ 'પુષ્પા ૨'ના મેકર્સ સાથે ફિલ્મની ફી અંગે કોઈ ચર્ચા પણ કરી નથી. તેથી આ અંગેની બધી જ ચર્ચાઓનો અંત આવી જવો જોઈએ. કેટલાંક અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો છે ,કે શ્રીલીલાને આ ગીત માટે ૨ કરોડ રૂપિયા મળ્યા છે, જ્યારે સમંથાને 'ઊ અંટવા' સોંગ માટે ફી રૂપે ૫ કરોડ મળ્યા




હતા. જોકે, શ્રીલીલાના ફૅન્સ માને છે કે કિસિક પણ ઊ અંટવા જેટલું જ સફળ થશે. કારણ કે શ્રીલીલાના ડાન્સ અને તેની તેમજ અલ્લુ અર્જુનની કેમેસ્ટ્રીના પણ વખાણ થઈ રહ્યા છે. આ ફિલ્મમાં ફહાદ ફાઝીલ પણ મહત્વના રોલમાં જોવા મળશે.

# 'પુષ્પા ૨' થિયેટરમાં આવે તે પહેલા મુશ્કેલીમાં ફસાયો અલ્લુ અર્જુન



અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨' આ વર્ષની સૌથી ચર્ચિત અને મોસ્ટ અવેટેડ ફિલ્મો પૈકીની એક છે. દર્શકોની વચ્ચે આ ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. 'પુષ્પા ૨: ધ રુલ' ૫ ડિસેમ્બરે રિલીઝ થશે, જેમાં અલ્લુ અર્જુનની સાથે રશ્મિકા મંદાના લીડ રોલમાં નજર આવશે. આ દરમિયાન અલ્લુ અર્જુન એક બીજા કારણે ચર્ચામાં આવી ગયો છે. એક્ટર સામે હૈદરાબાદના જવાબર નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને આવું માત્ર એક શબ્દના કારણે થયું છે. અલ્લુ અર્જુન તાજેતરમાં જ મુંબઈમાં એક પ્રમોશનલ ઈવેન્ટમાં સામેલ થયો હતો જ્યાં તેણે પોતાના ફેન બેઝને 'આર્મી' કહીને સંબોધિત કર્યો હતો. આ શબ્દના કારણે શ્રીનિવાસ ગૌડ નામના એક વ્યક્તિએ એક્ટર સામે ફરિયાદ નોંધાવી છે. શ્રીનિવાસ ગૌડે અલ્લુ અર્જુન દ્વારા પોતાના ફેન બેઝ માટે આર્મી શબ્દના ઉપયોગને લઈને વાંધો વ્યક્ત કર્યો છે.



ગ્રીન પીસ એનવાયરમેન્ટ એન્ડ વોટર હાર્વેસ્ટિંગ ઓપરેશનના અધ્યક્ષ શ્રીનિવાસ ગૌડે એક વીડિયો જારી કર્યો છે, જેમાં તેણે કહ્યું 'અમે ટોલિવૂડ સ્ટાર અલ્લુ અર્જુન સામે ફરિયાદ નોંધાવી છે. અમારી તેમને વિનંતી છે કે તે પોતાના ફેન બેઝ માટે આર્મી જેવા શબ્દનો ઉપયોગ ના કરે કેમ કે આ એક ખૂબ સન્માનજનક શબ્દ છે. આ તેમના માટે ઉપયોગ થાય છે, જે આ દેશની રક્ષા કરે છે. તેથી તમે પોતાના ફેન્સ માટે આ શબ્દનો ઉપયોગ ન કરી શકો. તેના બદલે તમે બીજા શબ્દોનો ઉપયોગ કરી શકો છો.'અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના અત્યારે 'પુષ્પા ૨'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. ફિલ્મમાં અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના સિવાય ફહાદ ફાસિલ અને પ્રકાશ રાજ જેવા કલાકાર પણ મહત્ત્વના રોલમાં છે.

### ૩૦ વર્ષની ઉંમરે કહ્યું દુનિયાને અલવિદા, ફેન્સ ભારે આઘાતમાં

# ટીવી એક્ટ્રેસ શોભિતા શિવણ્ણાએ કરી આત્મહત્યા

કન્નડ ટીવી એક્ટ્રેસ શોભિતા શિવન્ના વિશે એક મોટા સમાચાર સામે આવ્યા છે. આ એક્ટ્રેસે ખૂબ જ નાની ઉંમરમાં આત્મહત્યા કરીને દુનિયાને અલવિદા કહી દીધું છે. ૩૦ વર્ષીય એક્ટ્રેસ તેના હૈદરાબાદના ઘરમાં મૃત હાલતમાં મળી આવી હતી. આવી સ્થિતિમાં, આ સમાચાર તેના પરિવાર, મિત્રો અને ફેન્સ માટે મોટા આઘાત સમાન છે. આ સમાચારથી મનોરંજન જગતમાં શોકનું વાતાવરણ સર્જાયું છે. દરેક વ્યક્તિ જાણવા માંગે છે કે એક્ટ્રેસે આટલું મોટું પગલું કેમ ભર્યું. ૧ ડિસેમ્બર એટલે કે ગઈ કાલે જાણીતી કન્નડ ટીવી એક્ટ્રેસે શોભિતા શિવન્નાએ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. શોભિતાનો મૃતદેહ હૈદરાબાદના શ્રીરામ નગર કોલોનીમાંથી મળ્યો હતો. પડોશીઓને આ ઘટનાની જાણ થતાં જ તેમણે પુલિતને જાણ કરી હતી. જોકે આત્મહત્યાનું કારણ હજુ



સુધી બહાર આવ્યું નથી. શોભિતા શિવન્નાના ફેન્સ ભારે આઘાતમાં છે. અભિનેત્રીના એક્ટ્રેસને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે. પોલીસે મામલો નોંધી તપાસ પણ શરૂ કરી છે.જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો એક્ટ્રેસના અંતિમ સંસ્કાર બેંગલુરુમાં કરવામાં આવશે. જોકે આત્મહત્યાનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી, શોભિતા શિવન્નાના ફેન્સ ભારે આઘાતમાં છે, તમને જણાવી દઈએ કે એક્ટ્રેસે 'મંગળા ગૌરી' અને 'કૃષ્ણા રુકમણી' જેવી ૧૨થી વધુ સિરિયલોમાં કામ કર્યુ હતું. શોભિતા શિવન્ના પોતાની એક્ટિંગથી ઘર-ઘરમાં જાણીતી બની ગઈ હતી. શોભિતા શિવન્નાના લગ્ન બે વર્ષ પહેલા જ થયા હતા અને તેનો પતિ વ્યવસાયે સોફ્ટવેર એન્જિનિયર છે. તેના મૃત્યુ પહેલા લાંબા સમયથી એક્ટ્રેસ ટીવીની દુનિયાથી દૂર થઈ ગઈ હતી.



**જોકે આત્મહત્યાનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી, શોભિતા શિવણ્ણાના ફેન્સ ભારે આઘાતમાં**

# એક્સ બોયફ્રેન્ડ અને તેની ગર્લફ્રેન્ડને સળગાવીને મારી નાખ્યાનો આરોપ

**એક્સ બોયફ્રેન્ડ સાથે પેચઅપ કરવા માંગતી હતી, પરંતુ તેના એક્સ બોયફ્રેન્ડ એડવર્ડ જેકોબ્સે ફરીથી સંબંધ રાખવાનો ઇનકાર કર્યો હતો**



ફિલ્મ 'રોકસ્ટાર'માં રણબીર કપૂર સાથે જોવા મળેલી અભિનેત્રી નરગીસ ફખરીની બહેનને લઈને એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. તેની બહેન પર પૂર્વ બોયફ્રેન્ડની હત્યાનો આરોપ છે. અહેવાલ અનુસાર ન્યૂયોર્ક પોલીસે નરગીસની બહેન આલિયાની ધરપકડ કરી લીધી છે. પોલીસ તેની પૂછપરછ કરી રહી છે. જોકે આ સમાચાર બહાર આવતાની સાથે જ ચાહકો ચિંતામાં મૂકાયા હતા. માહિતી મુજબ નરગીસ ફખરીની બહેન આલિયા ફખરી તેના એક્સ બોયફ્રેન્ડ સાથે પેચઅપ કરવા માંગતી હતી. પરંતુ તેના એક્સ બોયફ્રેન્ડ એડવર્ડ જેકોબ્સે ફરીથી સંબંધ રાખવાનો ઈનકાર કર્યો હતો. માહિતી મુજબ નરગીસ ફખરીની બહેન આલિયા ફખરી તેના એક્સ બોયફ્રેન્ડ સાથે પેચઅપ કરવા માંગતી હતી જેનાથી ગુસ્સે થઈને નરગીસની બહેને તેના પૂર્વ બોયફ્રેન્ડ અને તેની વર્તમાન ગર્લફ્રેન્ડ એટીનીની હત્યા કરી નાખી. આ સમગ્ર મામલે ફરિયાદીનું કહેવું છે કે બોલિવૂડ એક્ટ્રેસ નરગીસની બહેને ન્યૂયોર્કમાં તેના પૂર્વ બોયફ્રેન્ડના ઘરના ગેરેજમાં આગ લગાવી દીધી હતી. આ આગમાં તેના પૂર્વ બોયફ્રેન્ડ અને તેની ગર્લફ્રેન્ડનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ પોલીસે નરગીસની બહેનને કસ્ટડીમાં લીધી છે. પોલીસે આ મામલે વધુ પૂછપરછ કરી તપાસ હાથ ધરી છે.



### ક્રિસ્ટલ ડિસોઝાનો નવો શો 'વિસ્ફોટ' આવ્યો છે

# ક્રિસ્ટલ ડિસોઝાનો કમબેક 'વિસ્ફોટ' જિંદગી જીવવા ત્રણ વર્ષનો બ્રેક લીધો હતો

**ક્રિસ્ટલ ડિસોઝાએ કહ્યું,એ અઘરું હતું, હું ખોટું નહીં બોલું, કેટલાંક દિવસો એવા પણ હતા જ્યારે હું બહુ નિરાશ અને નિષ્ફળ હોવાનું અનુભવતી**



તાજેતરમાં જ ક્રિસ્ટલ ડિસોઝાનો નવો શો 'વિસ્ફોટ' આવ્યો છે, આ પહેલાં તે ૨૦૨૧માં 'ચહેરે'માં જોવા મળી હતી. આ ત્રણ વર્ષ દરમિયાન ક્રિસ્ટલ લોકોની નજરથી દૂર રહી હતી. આ બ્રેકને તેણે જરૂરી ગણાવવાની સાથે નિઃરાશાજનક પણ ગણાવ્યો હતો.ક્રિસ્ટલે કહ્યું,''એ અઘરું હતું, હું ખોટું નહીં બોલું, કેટલાંક દિવસો એવા પણ હતા જ્યારે હું બહુ નિરાશ અને નિષ્ફળ હોવાનું અનુભવતી હતી. ક્યારેક એવું પણ થતું હતું કે ભલે મને ન ગમે તો પણ કોઈ પણ કામ શરૂ કરી દઉં. પછી હું મારી જાતને યાદ કરાવતી કે સદનસીબે મારી પાસે એટલા પૂરતાં પૈસા તો છે કે હું કોઈ ચિંતા વિના થોડી વધુ રાહ જોઈ શકું છું. છતાં એ સમય નિઃરાશાજનક તો હતો જ.''આગળ ક્રિસ્ટલે કહ્યું,''લોકોની વાતો બહુ સાંભળવાની નહીં, તમને મજા આવે એવું કરો. બાકી આજકાલ સોશિયલ મીડિયાના જમાનામાં હું લોકોની નજરથી દૂર રહી શકી નથી. એવો કોઈ લાંબો સમય ગયો નથી, જ્યારે હું કોઈ પાપરાઝીની નજરથી બચી શકી હોય કે પછી મારા વિશે કશું લખાયું ન હોય. આ બ્રેકના કારણે જ હું ઈચ્છું તેવું જીવન જીવી શકી છું. જોકે, મેં ઈરાદાપૂર્વક આ બ્રેક નહોતો લીધો, પરંતુ મારી પાસે સમય હતો તો હું દુનિયા ફરી શકી. મારા મિત્રો અને પરિવાર સાથે બહાર જઈ શકી. આટલા વર્ષોમાં કામના કારણે જે ન કરી શકી તે બધી જ પ્રવૃત્તિઓ હું આ સમયમાં કરી શકી.''પોતાના અનુભવના આધારે ક્રિસ્ટલે કહ્યું,''જે લખ્યું છે એ જ થશે, તો જ્યારે પણ જીવનમાં નિઃરાશા આવે તો બસ સમય પર વિશ્વાસ રાખો, એવા પણ દિવસો આવે કે નિઃરાશ થઈ જવાય, એવું થાય કે કામ મળવાની રાહ જોવી જ નથી. તમને એવું પણ થશે કે ભલે સર્જનાત્મકતા ન હોય તો પણ જે મળે એ કામ કરી નાંખુ. પરંતુ આપણે આવું ન કરવું જોઈએ. એક કલાકાર તરીકે સંતોષ મળે અને કલાકાર તરીકે તમારો વિકાસ થાય એવું જ કામ મળે તેની રાહ જોવી જોઈએ.''




વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહએ ચંદીગઢમાં નવા ફોજદારી કાયદાના અમલીકરણનું પ્રદર્શન કરતા પ્રદર્શનનું નિરીક્ષણ કર્યું.

## ન્યૂઝ બ્રિફ

### પીએમ નરેન્દ્ર મોદીએ સંસદમાં જોઈ ફિલ્મ “ધ સાબરમતી રિપોર્ટ”




। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

એક્ટર વિક્રાંત મૈસી આજના દિવસે ખૂબ ચર્ચામાં રહ્યો છે. તેણે પોતાની રિટાયરમેન્ટની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા. ૩૭ વર્ષના વિક્રાંતે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને લખ્યું કે, “હવે તેની ઘર વાપસીનો સમય આવી ગયો છે.” સાથે જ તેણે લખ્યું કે, ૨૦૨૫માં આવનારી તેની બે ફિલ્મો છેલ્લી હશે. વિક્રાંત મૈસીએ ભલે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડી દીધી હોય, પણ તેની નવી ફિલ્મ “દ સાબરમતી રિપોર્ટ” હાલમાં બોક્સ ઓફિસ પર છવાયેલી છે. ૧૫ નવેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થયેલી આ ફિલ્મે દર્શકો સાથે સાથે પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની પણ વાહવાહી મેળવી છે. ૨૧ નવેમ્બરે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ફીનિક્સ પલાસિયો મોલમાં પોતાની કેબિનેટ અને પ્રશાસનિક અધિકારીઓ સાથે મળીને “દ સાબરમતી રિપોર્ટ” ફિલ્મ જોઈ હતી. હવે પ્રધાનમંત્રી મોદીએ પણ આ ફિલ્મ જોઈ છે. સોમવારે ૨ ડિસેમ્બરની સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફિલ્મ “ધ સાબરમતી રિપોર્ટ” જોઈ. સાંજના ૪ વાગ્યે આ ફિલ્મના સ્પેશિયલ સ્ક્રીનિંગનું આયોજન સંસદમાં કરવામાં આવ્યું હતું. સંસદ ભવનની લાઈબ્રેરી બિલ્ડિંગમાં પીએમ સાથે એનડીએના સભ્યોએ પણ આ ફિલ્મ જોઈ હતી.

### 3 શખ્સોએ ધમકી આપતા યુવકે સ્મશાનમાં જઇને આપઘાતનો પ્રયાસ કર્યો



। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદ ગ્રામ્યના બાવળામાં રહેતા યુવકે થોડા સમય પહેલા બે લોકો પાસેથી ઉછીના નાણાં લીધા હતા. બાદમાં તે આર્થિક ભીંસમાં આવી જતા નાણાં ચૂકવી શક્યો નહોતો. બીજીબાજુ નાણાં આપનારા શખ્સો તેની પાસે ઉઘરાણી કરી ધમકીઓ આપતા હતા. જેથી કંટાળીને યુવકે સ્મશાનમાં જઈને અનાજમાં નાખવાની ગોળી ખાઈને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ મામલે બાવળા પોલીસે ત્રણ લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બાવળામાં રહેતા બિપીનભાઈ સથવારાએ થોડા સમય પહેલા જામભા નામના વ્યક્તિ પાસે ૧૪ હજાર, કરણસિંહ પાસે ૨૫ હજાર ઉછીના લીધા હતા. જામભા અને કરણસિંહ અવાર નવાર બિપીનભાઈ પાસે નાણાંની ઉઘરાણી કરતા હતા. બિપીનભાઈએ સગવડ થશે ત્યારે નાણાં પરત આપવાનું કહેતા આ બંને શખ્સો જાનથી પતાવી દેવાની ધમકી આપતા હતા. આટલું જ નહિ કરણસિંહ નામના શખ્સે ઘરમાં પડેલો સામાન લઈ જવાની ધમકી આપી હતી. જ્યારે બિપીનભાઈ જામભાના ફોન ન ઉપાડે ત્યારે સગુ નામનો શખ્સ લોકેશન આપીને મારી નાખવાની ધમકી આપતો હતો.

#### સંઘ પ્રમુખનું નિવેદન રાષ્ટ્રીય હિતમાં જ હશેઃ ભાજપ સાંસદ

# વસતિવધારા અંગે મોહન ભાગવતના નિવેદનથી રાજકીય પક્ષોમાં ચર્ચા છેડાઇ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના વડા મોહન ભાગવતે રવિવારે ભારતના ઘટી રહેલા પ્રજનન દર અને તેના કારણે ઘટી રહેલી વસ્તીની સંખ્યાને ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેના એક દિવસ પછી સોમવારે ભાજપે સોમવારે ભાગવતની ટિપ્પણીનું સ્વાગત કર્યું છે. જ્યારે વિપક્ષોએ સવાલ કર્યો છે કે, “વધી રહેલી વસ્તીની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સંસાધનો કયાંથી આવશે. ખાદ્ય સામગ્રીની કિંમતો ઉચ્ચસ્તર પર છે, અને સરકાર લોકો માટે રોજગારીની તકો પેદા કરવામાં નિષ્ફળ રહી છે.” રવિવારે નાગપુરમાં એક કાર્યક્રમમાં મોહન ભાગવતે પરિવારોની મહત્વપૂર્ણ ભૂમિકા પર વાત કરીને ચેતવણી આપી કે “પોપ્યુલેશન સાયન્સ અનુસાર જો કોઈ પણ સમાજનો કુલ પ્રજનન દર ૨.૧ ટકાથી નીચે આવે છે, તો એ સમાજ લુપ્ત થઈ જાય છે. એટલા માટે જ્યારે અમે ૨.૧ કહીએ છીએ, તો તેનો અર્થ છે કે આ દર વધુ હોવો જોઈએ, ઓછામાં ઓછો ત્રણ બાળકો. પોપ્યુલેશન સાયન્સ પણ આજ કહે છે.” મોહન ભાગવતની ટિપ્પણી અંગેના પ્રશ્નના જવાબમાં ભાજપના સાંસદ નેતા મનોજ તિવારીએ કહ્યું કે, “મોહન ભાગવતજીએ કંઈ પણ કહ્યું છે તો એ નિશ્ચિત પણે રાષ્ટ્રીય હિતમાં હશે. એટલા માટે તેમના વાત વિશે હકારાત્મક વિશ્લેષણ કરવું જોઈએ.” જ્યારે મેરઠના ભાજપના સાંસદ અરુણ ગોવિલે એમ કહ્યું કે, “ભાગવત - એક પરિવક્વ વ્યક્તિ છે, જો ભાગવતજીએ નિવેદન આપ્યું છે તો એ દેશના હિતમાં છે અને એ યોગ્ય જ હશે.”વિપક્ષના સાંસદોમાંથી કટિહારના કોંગ્રેસના સાંસદ તારિક અનવરે પ્રશ્ન ઉઠાવીને કહ્યું કે, ‘ભાગવતની ટિપ્પણી વસ્તીના મુદ્દા પર ભાજપના નેતાઓની વાતથી વિપરિત છે. ભાગવત જે કહી રહ્યા છે એ વિરોધાભાસી છે, કારણ કે ભાજપના નેતાઓ એમ કહી રહ્યા છે કે વસ્તીનું નિયંત્રણ થવું જોઈએ.”આઝાદ સમાજ પાર્ટી(કાંશીરામ)ના સાંસદ ચંદ્રશેખરે કહ્યું કે, “વધી રહેલી વસ્તીના આધાર આપવા માટે વધારાના સંસાધનો કયાંથી આવશે. આવા નિવેદન રાજકીય એજન્ડા અંતર્ગત આવે છે અને લોકોએ તેની કિંમત ચૂકવવી પડે છે.”કોંગ્રેસના સાંસદ રેણુકા ચૌધરીએ જણાવ્યું કે, “હું મોહન ભાગવતજીનું સન્માન કરું છું.

#### ચૂંટણી પંચને 3 સપ્તાહમાં નિર્ણયનો હેતુ સમજાવવા નિર્દેશ

## કોઇ મતદાતા બાકાત રહેવો જોઇએ નહીંઃ સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।



સુપ્રીમ કોર્ટે દરેક મતદાન મથક પર મતદાતાની મહત્તમ સંખ્યા ૧,૨૦૦થી વધારી ૧,૫૦૦ કરવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી જાહેર હિતની અરજી અંગે પંચનો જવાબ માંગ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે, કોઈ વ્યક્તિ મતદાર બાકાત રહેવો જોઈએ નહીં.સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને તેનું વલણ સ્પષ્ટ કરવા જણાવ્યું હતું. બેન્ચે જણાવ્યું હતું કે, “અમે ચિંતિત છીએ. કોઈ મતદાતા બાકાત રહેવો જોઈએ નહીં.” એટલે બેન્ચે ચૂંટણી પંચના વકીલ સિનિયર એડવોકેટ મનિંદર સિંઘને મતદાન મથક દીઠ મતદાતાની સંખ્યા વધારવાના ચૂંટણી પંચના નિર્ણય પાછળનો વિચાર ટૂંકી એફિડેવિટ ફાઈલ કરીને સમજાવવા નિર્દેશ કર્યો હતો. કોર્ટે ચૂંટણી પંચને ત્રણ સપ્તાહમાં એફિડેવિટ ફાઈલ કરવા જણાવ્યું હતું. સિંઘે જણાવ્યું હતું કે, “બેન્ચ ઈવીએમ અંગે સતત મુકાઈ રહેલા આરોપોથી માહિતગાર છે. આવા આરોપો ચાલુ રહેશે. ૨૦૧૯થી ચૂંટણી આવી રીતે થઈ રહી છે. રાજકીય પક્ષો સાથે આ મુદ્દે દરેક મતવિસ્તારમાં ચૂંટણી પહેલાં ચર્ચા કરવામાં આવે છે.”વરિષ્ઠ વકીલ સિંઘે કહ્યું હતું કે, “પોલિંગ સ્ટેશનમાં ઘણા મતદાન બૂથ હોઈ શકે અને ઈવીએમ દીઠ મતદાતાની કુલ સંખ્યામાં વધારો કરતી વખતે હંમેશા દરેક મતવિસ્તારમાં રાજકીય પક્ષો સાથે ચર્ચા કરવામાં આવે છે.” તેમણે વધુમાં જણાવ્યું હતું કે, “મતદાતાઓને નિર્ધારિત સમય પછી પણ મતદાનની મંજૂરી આપવામાં આવે છે.” સુપ્રીમ કોર્ટે આગામી સુનાવણી માટે ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ની તારીખ નિર્ધારિત કરી છે અને એ પહેલાં અરજદારને એફિડેવિટની કોપી આપવા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટમાં ચૂંટણી પંચ દ્વારા દેશભરમાં દરેક મતિવિસ્તારના પોલિંગ સ્ટેશન પર મતદાતાની સંખ્યામાં વધારો કરવાના નિર્ણયને ઈંદુપ્રકાશ સિંઘે જાહેર હિતની અરજી દ્વારા પડકાર્યો હતો. અરજીમાં જણાવ્યા અનુસાર ચૂંટણી પંચનો નિર્ણય કોઈ ડેટા પર આધારિત નથી.

#### રેતીનું ગેરકાયદે ખોદકામ કરતા ખાનગી કોન્ટ્રાક્ટર્સના કેસમાં ટિપ્પણી

## ઇડી FIR વગર સંપત્તિ જપ્ત કરી શકે? : તપાસ માટે સુપ્રીમની સંમતિ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

કોઈ અનુસૂચિત (શિડ્યુલ્ડ) અપરાધ માટે અગાઉથી એફઆઈઆર ન હોય તો એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરેટ (ઈડી) સંપત્તિ જપ્ત કરી શકે એવા મહત્વના પ્રશ્નની તપાસ માટે સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી છે. કોર્ટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની કલમ પાંચની બે જોગવાઈની યોગ્ય વ્યાખ્યા કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અને જજ સંજય કુમારની બેન્ચે મદ્રાસ હાઈકોર્ટના આદેશને પડકારતી ઈડીની અરજીને પગલે કે ગોવિંદરાજ અને અન્યને નોટિસ આપી હતી. જેમાં ઈડીને રેતીનું ગેરકાયદે ખોદકામ કરતા ખાનગી કોન્ટ્રાક્ટર્સ સામે કાર્યવાહી કરતી અટકાવવામાં આવી હતી. ઈડીના એડિશનલ સોલિસિટર જનરલ એસ વી રાજુની દલીલો સાંભળ્યા પછી સુપ્રીમ કોર્ટે નોટિસ આપવા સાથે જણાવ્યું હતું કે, “પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની કલમ પાંચની બે જોગવાઈની તર્કસંગત વ્યાખ્યા કરવી જરૂરી છે. કલમ ૫ ઈડીને મની લોન્ડરિંગના કેસમાં સામેલ સંપત્તિઓને જપ્ત કરવાનો અધિકાર આપે છે.”કલમ પાંચની પહેલી જોગવાઈ જપ્તિ માટે એફઆઈઆરને અનિવાર્ય બનાવે છે. જ્યારે બીજી જોગવાઈ હેઠળ ઈડી મની લોન્ડરિંગની તપાસ શરૂ કરે તો એફઆઈઆર વગર જપ્તિની મંજૂરી આપે છે. ઈડીની અરજી પર ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ શરૂ થતા સપ્તાહમાં સુનાવણી કરવામાં આવશે. અગાઉ હાઈકોર્ટે ઈડીની કાર્યવાહીને એવું કહીને ફગાવી હતી કે રેતી કાઢવાના ગુનાનો પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ શિડ્યુલ્ડ અપરાધ તરીકે સમાવેશ કરાયો ન હતો. કોર્ટે જણાવ્યું હતું કે, ઈડીએ અપરાધની કોઇ પણ આવકની તપાસ વગર કાર્યવાહી શરૂ કરી હતી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસે ઈડીની વ્યાપક સત્તા અંગે જણાવ્યું હતું કે, “તમારા હાથ એટલા મજબૂત અને લાંબા છે કે કોઈ તેને ખરીદી શકે નહીં.” .

#### ચિરાગને દારૂનો જથ્થો આપનારની શોધખોળ ક્રાઇમ બ્રાન્ચે શરૂ કરી

# ચિરાગ રાજપૂતની દારૂ કેસમાં ધરપકડ, કોર્ટે બે દિવસના રિમાન્ડ પર સોંપ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।



ખ્યાતિકાંડમાં સંડોવાયેલા હોસ્પિટલના સીઈઓ ચિરાગ રાજપૂતની ક્રાઈમ બ્રાન્ચે ટ્રાન્સફર વોરંટના આધારે દારૂના કેસમાં ધરપકડ કરી હતી. ત્યારબાદ તેને કોર્ટમાં રજૂ કરતા આરોપીને મેટ્રો કોર્ટે બે દિવસના રિમાન્ડ પર સોંપ્યો છે. ચિરાગ રાજપૂતને દારૂનો જથ્થો આપનારની શોધખોળ ક્રાઈમ બ્રાન્ચે શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચિરાગ રાજપૂતના ઘરેથી પોલીસે દારૂનો આખો બાર મળી આવ્યો હતો.ખ્યાતિ હોસ્પિટલના સીઈઓ ચિરાગ રાજપૂતના ઘરે પોલીસ તપાસ દરમિયાન ૫૪ દારૂની બોટલ મળી આવી હતી. આ મામલે ક્રાઈમ બ્રાન્ચે પ્રોહિબિશન એક્ટ મુજબ અલગ ગુનો ચિરાગ રાજપૂત સામે નોંધ્યો હતો. ખ્યાતિ હોસ્પિટલકાંડમાં ચિરાગ રાજપૂતને કોર્ટમાં જેલમાં મોકલી આપ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે ટ્રાન્સફર વોરંટના આધારે પ્રોહિબિશન કેસમાં ધરપકડ કરી હતી. ધરપકડ બાદ આરોપીને મેટ્રો કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યો હતો. સરકારી વકીલ વાય.કે. વ્યાસે રિમાન્ડ અરજી અંગે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આરોપીના ઘરે તપાસ દરમિયાન ઉચ્ચ ક્વોલિટીની જુદી જુદી દારૂની ૫૪ બોટલ મળી આવી છે તે દારૂની બોટલ આરોપી ક્યાંથી અને કોની પાસેથી લાવ્યો?, વિદેશી દારૂનો જથ્થો લાવવામાં કયા વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો?, આરોપી પાસેથી મોટી માત્રામાં દારૂનો જથ્થો મળ્યો છે તો આ સિવાય બીજો કોઈ દારૂનો જથ્થો આરોપીએ છુપાવી રાખ્યો છે કે નહીં?, આરોપી પાસેથી મળેલી ૫૪ બોટલ પૈકી એક બોટલ વિદેશથી લાવવામાં આવી છે.

## બાંગ્લાદેશે અદાણી પાસેથી વીજળીની ખરીદી અડધી કરી

। (એજન્સી) ઢાંકા, તા.૩ ।

બાંગ્લાદેશે અદાણી પાવર પાસેથી આયાત લગભગ પચાસ ટકા ઘટાડી દીધી છે. બાંગ્લાદેશે લાખો ડોલરની ચુકવણી બાકી હોવાના હાલ ચાલતા વિવાદ અને શિયાળાને કારણે ઘટેલી માંગનું કારણ આપી આયાતમાં ઘટાડો કર્યો છે. અદાણી પાવરે પેમેન્ટમાં વિલંબને કારણે બાંગ્લાદેશના વીજ પુરવઠામાં ઘટાડો કર્યો હતો. જેની શરૂઆત ૩૧ ઓક્ટોબરથી થઈ હતી. એ વખતે બાંગ્લાદેશે અદાણી પાવરને માત્ર ૫૦ ટકા વીજ સપ્લાય ચાલુ રાખવા જણાવ્યું હતું. બાંગ્લાદેશ પાવર ડેવલપમેન્ટ બોર્ડ (બીપીડીબી)ના ચેરપર્સન મોહમ્મદ રેઝૌલ કરીમે જણાવ્યું હતું કે, “તેમણે વીજ પુરવઠામાં ઘટાડો કર્યો ત્યારે અમે આંચકો અને રોષ અનુભવ્યા હતા. હવે શિયાળાને કારણે વીજળીની માંગ ઘટી હોવાથી અમે તેમને પ્લાન્ટના બંને એકમ ચાલુ રાખવાની જરૂર નહીં હોવાનું જણાવ્યું છે.” ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશ અત્યારે વિદેશ હૂંડિયામણની કટોકટીનો સામનો કરી રહ્યું છે.કરીમે જણાવ્યું હતું કે, “બાંગ્લાદેશે અદાણી પાવરને ૬૫ કરોડ ડોલર ચૂકવવાના બાકી છે. નવેમ્બરમાં તેણે ૮.૫ કરોડ ડોલર અને ઓક્ટોબરમાં ૯.૭ કરોડ ડોલરનું પેમેન્ટ કર્યું હતું.” જોકે, મીડિયા અહેવાલ મુજબ અદાણી જૂથના અધિકારીએ દાવો કર્યો હતો કે, બાંગ્લાદેશે ૯૦ કરોડ ડોલર ચૂકવવાના બાકી છે. તેને લીધે પ્લાન્ટની કામગીરી ખોરવાઈ છે અને ઋણખર્ચ વધી રહ્યો છે. અદાણી પાવર ૨૫ વર્ષના કરાર હેઠલ ઝારખંડમાં બે અબજ ડોલરના પ્લાન્ટનું સંચાલન કરે છે.

## ‘ભગવો ન પહેરતા, તિલક ભૂસી કાઢજો, તુલસી માળા છુપાવજો..’

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

‘ભગવો ન પહેરતા, તિલક ભૂસી કાઢજો, તુલસી માળા છુપાવજો અને તમારું માથું ઢાંકો...’ ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શિયસનેસ કોલકાતાએ બાંગ્લાદેશમાં તેના સહયોગીઓ અને અનુયાયીઓને આ સલાહ આપી છે. જેથી તેઓ પડોશી દેશમાં કટ્ટરપંથીઓથી બચી શકે અને પોતાની સુરક્ષા કરી શકે. ઈસ્કોન કોલકાતાના ઉપાધ્યક્ષ રાધારમણ દાસે જણાવ્યું હતું કે, ‘લોકોએ મંદિર અને ઘરની અંદર તેમના ધર્મનું પાલન કરવું જોઈએ, પરંતુ બહાર જતી વખતે સાવચેત રહેવું જોઈએ. હું તમામ સાધુઓ અને સભ્યોને સલાહ આપી રહ્યો છું કે સંકટના આ સમયમાં પોતાની સુરક્ષા માટે દરેક શક્ય પ્રયાસો કરે. હું તેમને ભગવો ન પહેરતા, તિલક ભૂસી કાઢજો, તુલસી માળા છુપાવજો અને તમારું માથું ઢાંકીને રાખવાની સલાહ આપું છું.’અહેવાલો અનુસાર, રાધારમણ દાસે અપીલ કરી છે કે જો તમે તુલસી માળા પહેરવા માંગતા હોય તો તેને એવી રીતે પહેરો કે તે કપડાની અંદર છુપાયેલ રહે અને ગળાની આસપાસ દેખાઈ ન શકે. તમારે દરેક સંભવિત પગલાં લેવા જોઈએ જેથી કરીને તેઓ સાધુ જેવા વેશ ન દેખાય.’બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ અને ઈસ્કોન સાધુઓ સામે હિંસાની ઘટનાઓ વધી રહી છે. તાજેતરમાં બાંગ્લાદેશમાં એક કાયદાકીય કેસમાં આધ્યાત્મિક નેતા ચિન્મય કૃષ્ણ દાસનો બચાવ કરનારા એડવોકેટ રમણ રોય પર ક્રૂર હુમલો કરવામાં આવ્યો છે.

## પત્ની અને તેના પ્રેમીના ત્રાસથી કંટાળી પતિએ આપઘાત કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

શહેરના જૂના વાડજમાં રહેતા ૪૨ વર્ષીય પરિણીત યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ બાબતે વાડજ પોલીસે તપાસ કરતા મૃતક પાસેથી સ્યૂસાઈડ નોટ મળી આવી હતી. જેમાં તેણે તેની પત્ની અને પત્નીના પ્રેમી સામે આક્ષેપ કર્યા હતા. મૃતકની પત્ની પ્રેમી સાથે ભાગી ગયા બાદ છૂટાછેડા અને પૈસાની માગણી કરીને દબાણ કરતી હતી અને બંને માનસિક ત્રાસ આપતા હતા. જેથી પોલીસે બંને લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જૂના વાડજમાં ૪૨ વર્ષીય ભરતભાઈ બારોટ રહેતા હતા. ભરતભાઈએ વર્ષ ૨૦૧૭માં ડિમ્પલ વાઘેલા સાથે લગ્ન કર્યા હતા. થોડા સમય પહેલા ડિમ્પલ છૂટાછેડા લીધા વગર તેના પ્રેમી અરવિંદ વણકર સાથે ભાગી ગઈ હતી. બાદમાં તે ભરતભાઈને ફોન કરીને બાળકો આપી દેવા બાબતે માનસિક ત્રાસ આપતી હતી. સાથે જ છૂટાછેડા આપ નહિ તો રૂપિયા આપ કહીને દબાણ કરતી હતી. તેવામાં ગત તા.૨૫ નવેમ્બરના રોજ ડિમ્પલ ભરતભાઈના ઘરે આવીને પુત્રીને લઈને ગાંધીધામ જતી રહી હતી. જે બાબતે ભરતભાઈને મનમાં લાગી આવતા ગત તા.૨૬મી નવેમ્બરના રોજ પંખે ચાદર વડે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ મામલે વાડજ પોલીસને જાણ કરાતા પોલીસે તપાસ કરતા સ્યૂસાઈડ નોટ મળી આવી હતી.

# શુક્રવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દાંતીવાડાથી રાજ્યવ્યાપી રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪નો પ્રારંભ કરાવશે

## તાલુકા મથકના કાર્યક્રમોનો ગુજરાત સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો સહિતના વિવિધ પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ શુભારંભ કરાવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૩ ।

ગુજરાતના ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ, ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના શુભ આશય સાથે રાજ્ય સરકાર દ્વારા આગમી તા. ૬ અને ૭ ડિસેમ્બરના રોજ "રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪"નું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ બનાસકાંઠા જિલ્લાની દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતેથી "રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪"નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, આગામી તા. ૬ અને ૭ ડિસેમ્બર દરમિયાન રાજ્યભરના ૨૪૬ તાલુકા મથકોએ તાલુકા સ્તરનો રવિ કૃષિ મહોત્સવ યોજાશે. તાલુકા મથકના કાર્યક્રમોનો ગુજરાત સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો સહિતના વિવિધ પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ શુભારંભ કરાવશે. આ રવિ કૃષિ મહોત્સવમાં ગુજરાતના ૨.૫ લાખથી વધુ ખેડૂતો ભાગ લેશે.



તેમણે જણાવ્યું કે, કૃષિ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો ખેડૂતો સાથે સીધો વાર્તાલાપ કરી શકે, તેમની સમસ્યાનું નિવારણ લાવી શકે, યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી શકે, નવી ખેત પદ્ધતિઓથી અવગત કરી શકે તેમજ ખેડૂતોની સમસ્યાઓને આધારે સંશોધનો કરી શકે તેવા શુભ આશય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં કૃષિ મહોત્સવની નવી પરંપરા શરુ કરી હતી. કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે શરુ થયેલી આ પરંપરાને સુપેરે આગળ ધપાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા "રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪"નું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંગે વિસ્તૃત સમજ આપતા કૃષિ મંત્રીએ કહ્યું કે, આ બે દિવસીય મહોત્સવમાં વિવિધ ટેક્નીકલ માર્ગદર્શન સેમીનાર, પ્રાકૃતિક ખેતીનું નિદર્શન, આધુનિક કૃષિ ટેકનોલોજીનું નિદર્શન-પ્રદર્શન, પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત અને પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાથો-સાથ રાજ્યના પ્રગતીશીલ ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા આત્મા બેસ્ટ ફાર્મરના એવોર્ડ પણ આ કાર્યક્રમ દરમિયાન એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા પ્રાકૃતિક અને સસ્ટેનેબલ ફાર્મિંગ, ખેતી અને બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન, બાગાયતી પાકો સાથે મિક્સ ફાર્મિંગ, પ્રાકૃતિક ખેતી, પ્રીસીઝન ફાર્મિંગ, કૃષિ અને બાગાયતી પાકોમાં આધુનિક તાંત્રિકતા વિશે માર્ગદર્શન, મિલેટ પાકોમાં મૂલ્યવર્ધન, સફળ પશુપાલન જેવા વિવિધ વિષયો ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ, ખેડૂતોને સબંધિત વિસ્તારમાં થતા પાકો અંગે માર્ગદર્શન તથા તેમના પ્રશ્નોનું નિરાકરણ આપવાનું પણ રાજ્ય સરકારે આયોજન કર્યું છે. આ બે દિવસીય મહોત્સવમાં ગુજરાતને કૃષિ ક્ષેત્રે નંબર-૧ બનાવવા માટે ચિંતન અને વિવિધ પ્રયાસો કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યુ હતું.

## ૨૧ વર્ષીય યુવક સહિત એક આધેડેનું મૃત્યુ નિપજ્યું હતું

। (એજન્સી) વડોદરા, તા.૩ ।

રાજ્યમાં છેલ્લા ઘણાં સમયથી રોડ અકસ્માત અને હિટ એન્ડ રનની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે વડોદરા જિલ્લામાં એક જ દિવસમાં બે હિટ એન્ડ રનની બની હતી. જેમાં ૨૧ વર્ષીય યુવક સહિત એક આધેડેનું મૃત્યુ નિપજ્યું હતું. ઉલ્લેખનિય છે કે વડોદરા ભાદરવા ગામે રહેતા જગદીશસિંહ મહિડા અને તેમના ૨૧ વર્ષીય પુત્ર ઋષિરાજ જમહીડા બાઈક પર રણજીતનગર ગામની સીમમાંથી પસાર થઇ રહ્યા હતા. આ દરમિયાન અજાણ્યા વાહન ચાલકે આ પિતા-પુત્રને જોરાદાર ટક્કર મારી હતી. ઋષિરાજને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યા તેનું મૃત્યુ નિપજ્યું હતું. આ મામલે પોલીસે અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા વાહન ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અન્ય એક દુર્ઘટનામાં ડભોઈના અંબાવ ગામ ખાતે રહેતા ૬૫ વર્ષીય બાબુ વણકર ઘરેથી સાઈકલ પર બજારમાંથી દવા ખરીદી સાયકલ પર સવાર થઇ ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન એક અજાણ્યા વાહન ચાલકે બાબુ વણકરને ટક્કર મારી હતી. જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચતા મૃત્યુ નિપજ્યું હતું. આ અકસ્માત મામલે પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ૫૦૦-૬૦૦ લીટરનો જથ્થો ઓછો આવતો હોવાની શંકા

# વડોદરામાં પેટ્રોલ પંપ પર આવેલી ટેન્કરમાંથી જથ્થો ઓછો નીકળતાં તોલ માપ વિભાગને ફરિયાદ

## અવારનવાર પેટ્રોલ ડીઝલનો જથ્થો ઓછો મળે છે પરંતુ આજે આ બાબતે તપાસ કરતા ભાંડો ફૂટ્યો હતો

। (એજન્સી) વડોદરા, તા.૩ ।

વડોદરા જિલ્લાના સાવલી-ટીંબા રોડ પર આવેલા ભાદરવા ગામ નજીક આવેલા નાયરા પેટ્રોલ પંપ પર જામનગર થી આવેલા પેટ્રોલ-ડીઝલ ભરેલા ટેક્રરોના સીલ સાથે છેડછાડ થઈ હોવાની આશંકાએ પેટ્રોલ પંપના ફરજ પરના અધિકારીએ સરકારી વિજ્ઞાન તોલમાં શાખાને કરેલી ફરિયાદ મુજબ તપાસ શરૂ કરાઈ છે.

પેટ્રોલ પંપ ના ફરજ પરના અધિકારીએ જણાવ્યું હતું કે, અવારનવાર પેટ્રોલ ડીઝલનો જથ્થો ઓછો મળે છે પરંતુ આજે આ બાબતે તપાસ કરતા ભાંડો ફૂટ્યો હતો. ઉલ્લેખનીય છે કે જામનગર રિફાઈનરીમાંથી પેટ્રોલ-ડીઝલનો જથ્થો ટેક્રરો દ્વારા રાજ્યના વિવિધ વિસ્તારમાં પેટ્રોલ પંપ ખાતે સપ્લાય કરવામાં આવે છે. તેવી જ રીતે ટેક્રરોમાં ભરાયેલો પેટ્રોલ ડીઝલનો જથ્થો વડોદરા નજીક સાવલી ટીંબા રોડ પર ભાદરવા ગામ પાસે આવેલા નાયરા પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલ ડીઝલનો જથ્થો ખાલી કરવા ટેક્રરોને લઈ ડ્રાઈવરો આવ્યા હતા. આ પેટ્રોલ પંપ પર અગાઉ કેટલી વાર પેટ્રોલ-ડીઝલનો જથ્થો ઓછો આવ્યો હોવાની ફરિયાદ પેટ્રોલ પંપના અધિકારીએ જણાવ્યું હતું. જોકે હાલમાં આવેલા પેટ્રોલ-ડીઝલના ટેક્રરમાં માલ ઓછો હોવાની શક્યતાના કારણે ટેક્રર પર ચડીને પેટ્રોલ પંપ ના જવાબદાર અધિકારીએ તપાસ કરી હતી. તપાસ દરમિયાન ટેક્રર પર લગાવેલું સીલ નકલી હોવાની આશંકા તેમને જણાઈ હતી. સીલ જોતા તેની સાથે ચેડાં થયા હોવાની પણ પેટ્રોલ પંપના અધિકારીને શક્યતા જણાઈ હતી પરિણામે તેમણે સરકારી ખાતાના વિજ્ઞાન માપ શાખાને તાબડતો ફરિયાદ કરી હતી. તપાસ સાથે આવેલા બે અધિકારીએ ટેક્રર પરના સીલની કરેલી તપાસમાં કાંઈક ગરબડ હોવાની આશંકાથી તપાસ શરૂ કરવામાં આવી છે. જામનગર આ બાબતે પૂછપરછ કરતા ટેક્રરો સીલ કરીને રવાના કરાઈ હોવાનું જણાવ્યું હતું. જોકે પેટ્રોલ પંપ ના અધિકારીએ વધુ પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે અવારનવાર ૫૦૦-૬૦૦ લીટરનો જથ્થો ઓછો આવતો હોવાની શંકા ગઈ હતી પરંતુ આજે ટેક્રરમાં જોતા પેટ્રોલ ડીઝલનો જથ્થો ઓછો જણાતા ફરિયાદ કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

# તથ્ય પટેલની જામીન માટે વધુ એક અરજી કરી

## આ જામીન અરજીનો વિરોધ કરતાં તપાસનીશ અધિકારીએ એફિડેવિટ કરી એવી રજૂઆત કરી છે કે, આરોપી અકસ્માત કરવાની ટેવવાળો છે



। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

બેફામ કાર હંકારી નવ નિર્દોષ લોકોનો ભોગ લેનાર નબીરા તથ્ય પટેલે વધુ એક વખત જામીન માટે ગ્રામ્ય કોર્ટમાં અરજી કરી છે. આ જામીન અરજીનો વિરોધ કરતાં તપાસનીશ અધિકારીએ એફિડેવિટ કરી એવી રજૂઆત કરી છે કે, આરોપી અકસ્માત કરવાની ટેવવાળો છે. અગાઉ બે અકસ્માતના ગુના આચર્યા હતા. ત્યારબાદ ઈસ્કોન બ્રિજ પાસે અકસ્માત કરીને નવ જણાને મોતને ઘાટ ઉતાર્યા હતા. આ ઉપરાંત આરોપી તથ્ય પટેલને જામીન પર મુકત કરવામાં આવશે તો પુરાવા સાથે ચેડાં થવાની શકયતા નકારી શકાય તેમ નથી. આ મામલે કોર્ટ ૩ ડિસેમ્બરના રોજ ચુકાદો જાહેર કરશે. ઈસ્કોન બ્રિજ પર ગત તા.૨૦મી જુલાઈ ૨૦૨૩ના રાતના ૧૪૨.૫ કિલોમીટરથી વધુની સ્પીડે બેફમ રીતે જેગુઆર ગાડી તથ્ય પટેલે હંકારીને નવ નિર્દોષોને કચડી નાખીને મોતના ઘાટ ઉતારવાના કેસમાં જેલવાસ ભોગવી રહેલા તથ્ય પટેલે રેગ્યુલર જામીન માટે અરજી કરી છે. જેમાં એવી રજૂઆત કરી છે કે, પોલીસે તપાસ કરી ચાર્જશીટ કરી દીધી છે, પુરાવા સાથે ચેડા થવાની શક્યતા નથી, કોર્ટ પાસે જામીન આપવાની સત્તા છે અને કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા માટે તૈયાર છું તેથી જામીન પર મુક્ત કરવો જોઈએ. જો કે, અરજીની સામે મુખ્ય સરકારી વકીલ પ્રવિણ ત્રિવેદીએ એવી દલીલ કરી હતી કે, ગંભીર પ્રકારનો કેસ છે, આરોપીએ ૯ નિર્દોષોનો ભોગ લીધો છે, એક ભોગ બનનાર તો હજુ પણ બરોબર બોલી શકતો નથી, આવા કિસ્સા વધી રહ્યાં છે, રોજ નબીરાઓ અકસ્માત કરી લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યાં છે, આરોપી સામે પુરતા પુરાવા છે, કેસ નંબર પણ પડી ચુક્યો છે, આરોપી ગુનો કરવા ટેવાયેલ છે તેથી જામીન પર મુક્ત ન કરવો જોઈએ. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે ચુકાદો મંગળવાર પર મુલતવી રાખ્યો છે.

### બન્ટી-બબલી સહિત ત્રણ લોકોએ રૂપિયા પડાવી લીધા હતા

# ઓસ્ટ્રેલિયાના વિઝાની લાલચે યુવાને રૂ.૨૧.૭૦ લાખ ગુમાવ્યા

## યુવકને વિશ્વાસ આવતા તેમને આરોપીને રૂપિયા ૨૧.૭૦ લાખ આપ્યા

। (એજન્સી) સુરત, તા.૩ ।

સુરતમાં રહેતા યુવકને ઓસ્ટ્રેલીયાના વિઝીટર વિઝા અને ત્યારબાદ વર્ક પરમીટ વિઝા આપવાનું કહીને બન્ટી-બબલી સહિત ત્રણ લોકોએ રૂપિયા ૨૧.૭૦ લાખ પડાવી લીધા હતા. જો કે ઓનલાઈન ચેક કરતા વિઝા બનાવટી હોવાનું સામે આવ્યું હતું. એટલું જ નહી રૂપિયા પરત માંગતા જેલમાં પુરાવી દેવાની ધમકી આપીને ઓફિસે તાળાં મારીને આરોપીઓ નાસી ગયા હતા. આ બનાવ અંગે ઈસનપુર પોલીસે દંપતિ સહિત લોકો સામે ફરિયાદ નોધી છે, ચોંકાવનારી બાબત એ છે કે બન્ટી-બબલી સામે વિદેશ મોકવવાના બહાને રૂપિયા પડાવવાની આ ત્રીજી ફરિયાદ નોંધાઇ છે. જેમાં વર્ષ પછી રૂપિયા પરત માંગતા જેલમાં પુરાવાની દેવાની ધમકી આપી ઓફિસે તાળાં મારી આરોપીઓ ભાગી ગયા છે. મૂળ મહેસાણાના અને હાલ સુરતમાં રહેતા અને કચ્છમાં ખાનગી કંપનીમાં નોકરી કરતા યુવકે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં નારોલમાં ઓફિસ ધરાવતા દંપતિ સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે કે જેમાં તેઓ સુરતમાં નોકરી કરતા ત્યારે પરિચીત વ્યક્તિને ઓસ્ટ્રેલિયા વર્ક પરમીટ પર જવાની વાત કરી હતી. જેથી મિત્રએ જીગ્નેશ રાઠોડ સાથે સંપર્ક કરાવ્યો હતો. જેમાં રૂપિયા ૧૫.૭૦ લાખમાં વિઝા, ટિકીટ સહિતનો ખર્ચ થશે તેમ જણાવતા ફરિયાદી યુવકે હા પાડી હતી અને નારોલ ઓફિસે આવીને જરુરી ડોક્યુમેન્ટઆપ્યા હતા. તે સમયે ત્રણેયે આરોપીઓએ ઓસ્ટ્રેલિયા પ્રથમ વિઝીટર વિઝા અને ત્યાર પછી વર્ક પરમીટ વિઝા અપાવવાની વાત કરી હતી.

### રાજ્યમાં અકસ્માતોના બનાવ દિવસે અને દિવસે વધી રહ્યા છે

# જામજોધપુર પાસે બે વાહન અથડાતા યુવાનનું મૃત્યુ થયું

। (એજન્સી) જામનગર, તા.૩ ।

રાજ્યમાં અકસ્માતોના બનાવ દિવસે અને દિવસે વધી રહ્યા છે જેના લીધે મૃત્યુ આંક પણ વધી રહ્યા છે ત્યારે વધુ એક અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. જામજોધપુર પાસે બે વાહન અથડાતા યુવાનનું મૃત્યુ થયું છે. જામજોધપુરના પાટણ ગામના રસ્તા પરથી બાઈક ઉપર ચાર સવારીમાં જઈ રહેલા યુવાનોને અકસ્માત નડયો હતો. જેમાં ત્રણને શરીરે નાની મોટી ઈજા પહોંચતા પ્રાથમિક સારવારઅર્થે ખસેડાયા હતા. મગફળી ભરેલા વાહન સાથે કાર અથડાતા આ અકસ્માત સર્જાયો હતો.જેમાં પોતાના સાથીદાર સાથે મગફળી ઠાલવવા યાર્ડે જતા યુવાનને આ અકસ્માત નડયો હતો. આ બનાવમાં બાઈક ચાલક યુવાનનું ગંભીર ઈજાના કારણે મૃત્યુ નિપજયું હતું. યુવકના મૃત્યુથી તેના પરિવારમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે. જેમાં ત્રણને શરીરે નાની મોટી ઈજા પહોંચતા પ્રાથમિક સારવારઅર્થે ખસેડાયા હતા. અકસ્માતના આ બનાવ અંગે પોલીસે મોટર ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જામજોધપુરના પરડવા ગામે આવેલ રાજુભાઈ કારાવદરાની વાડીએ રહેતા મુકેશ ઈન્દરસિંહ બધેલ નામનો યુવાન બાઈક ચલાવી પાટણ ગામના રોડ પરથી રાહુલ કેરમભાઈ બધેલ, આકાશ મુકામભાઈ બધેલ તથા સુનિલ મુકામભાઈ બધેલ નામના અન્ય ત્રણ શખ્સને બેસાડીને જતો હતો. તે દરમ્યાન પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા અકસ્માત સર્જાયો હતો જેમાં રાહુલ, આકાશ અને સુનિલ નામના ત્રણ યુવાનને ઈજાઓ થઈ હતી. તેમજ આ બનાવમાં ગંભીર રીતે ઘાયલ થયેલા મુકેશ બધેલનું મૃત્યુ નિપજયું હતું. બીજી તરફ રાહુલ નામના યુવાને જામજોધપુર પોલીસમાં મૃતક મુકેશ બધેલ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

## વિદેશ જવાની ઘેલછામાં યુવકે નકલી પાસપોર્ટ બનાવ્યો અને એરપોર્ટ પર ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદમાં વિદેશ જવાની ઘેલછામાં યુવકે નકલી પાસપોર્ટ બનાવ્યો અને એરપોર્ટ પર ઝડપાયો છે. વિદેશ જવાની ઘેલછામાં યુવકો નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને કાયદાના સકંજામાં ફસાતા હોવાના કિસ્સા વધી રહ્યા છે. અમદાવાદ ઈન્ટરનેશલ એરપોર્ટ ઉપર યુવકને બનાવટી પાસપોર્ટ આધારે મુસાફરી કરવા જતાં પકડી પાડયો હતો. આ બનાવ અંગે એરપોર્ટ પોલીસે છેતરપીડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ભારતીય પાસપોર્ટ ખોટા હોવાની જાણ છતાં એસ.વી.પી. આઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર ઈમિગ્રેશન ઓફિસર પાસે રજુ કરતાં ભાંડો ફૂટયો હતો. એસ.વી.પી.આઈ ઈન્ટરનેશલ ઉપર ફરજ બજાવતા ઈમિગ્રેશન ઓફિસર પેસેન્જરોના પોસપોર્ટ ચેક કરી રહ્યા હતા આ સમયે માયા સિનેમા પાસે રહેતા યુવકનો પાસપોર્ટ ચેક કરતાં શંકા ગઈ હતી. જેથી તેઓએ ઓનલાઈન ચેક કરતાં પાસપોર્ટ નકલી હોવાનું બહાર આવ્યું હતું.

# દેવગઢ બારીઆ નગરમાં ટ્રાફિકની સમસ્યા બનતી માથાનો દુખાવો

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૩ ।



દેવગઢ બારીઆ નગર ના ટાવર વિસ્તાર માં આવેલ ચેનપુર રોડ પર સર્જાય છે વારંવાર ટ્રાફિક સમસ્યા જેના કારણે રાહદારીઓ ને પોતા વાહન લઈ અને ચાલતા નીકળવા માં ખૂબ જ તકલીફ થાય છે આ રસ્તા પર જતા હોસ્પિટલ આવેલ છે જેની કોઈ પાર્કિંગ ની સુવિધા નથી જેના કારણે હોસ્પિટલ ની એમ્બ્યુલન્સ ગાડીઓ રોડ પર આવી જાય છે કોઈ પણ પ્રકાર ની પાર્કિંગ વ્યવસ્થા નથી આડેધડ દુકાનો આગળ ગ્રાહકો ની ગાડી પાર્કિંગ રોડ પર થતા અવર જવર કરનારા વાહનો ને તથા શાળા માં ભણવા જતા વિધાર્થીઓ ને મુશ્કેલીઓ નો સામનો કરવો પડે છે જેને લીધે નગરજનો ને તકલીફ ઉભી થાય છે નજીક માં સોસાયટી તથા વિદ્યુત બોર્ડ ની કચેરી પણ આવેલ છે અને આ રોડ પર થી રેતી ના ડમ્પર પણ અવર જવર કરે છે જેના કારણે ટ્રાફિક ની ખુબ મોટી સમસ્યાઓ સર્જાય છે અને તસ્વીર માં જોવાય છે કે રેતી ના ડમ્પર માં કેટલી હદે ઓવરલોડ રેતી ભરી છે તે સ્પષ્ટ દેખાય છે તો પણ સરકારી તંત્ર આંધળુ બેરૂ બોબડુ આ બાબત માં વહેલી તકે નિરાકરણ લાવવા માં આવે તેવી સરકારી તંત્ર ને પણ મૌખિક જાણ કરેલ છે...

# ગ્યાસપુર ખાતે શ્રમિક મહિલાઓ સાથે ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ વિષય અંગેનો કાયદાકીય માર્ગદર્શક સેમિનાર યોજવામાં આવ્યો



। અમદાવાદ, તા.૩ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી અને આજીવિકા બ્યુરોના સંયુક્ત ઉપક્રમે મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત સુએઝ બસ્તી, ગ્યાસપુર ખાતે શ્રમિક મહિલાઓ સાથે ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ વિષય અંગેનો કાયદાકીય માર્ગદર્શક સેમિનાર યોજવામાં આવ્યો હતો.

આ કાયદાકીય સેમિનારમાં એડવોકેટ શ્રી રણજિતકુમાર કોરી દ્વારા હાજર મહિલાઓને હિંસાના પ્રકારો, રક્ષણ અધિકારીની ફરજો અને ભૂમિકાઓ વિશેની માહિતી આપવામાં આવી હતી. સંકલ્પ-હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજનાના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશ સોલંકી દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર વિશે તેમજ, સ્પેશિયાલિસ્ટ ઈન ફાઈનાન્સ લીટરસી સુશ્રી હેમલ બારોટ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ અમલીકૃત મહિલા કલ્યાણકારી યોજનો વિશે સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત, મહિલા સહાયતા કેન્દ્રનાં કાઉન્સેલર સુશ્રી ભૂમિબહેન દ્વારા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજના વિશે તેમજ, સખી વન સ્ટોપ સેન્ટર, સોલાનાં કેન્દ્ર સંચાલક સુશ્રી દુર્ગાબહેન દ્વારા કેન્દ્ર પુરસ્કૃત, સખી વન સ્ટોપ સેન્ટર યોજના વિશેની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આજીવિકા મિશન બ્યુરોનાં સુશ્રી સ્વાતિબહેન તેમજ અન્ય સ્ટાફમિત્રો હાજર રહ્યા હતા.

# શિક્ષણ મંત્રી ડો. કુબેર ડિંડોરે અમદાવાદના રાયખડ ખાતે ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલની આકસ્મિક મુલાકાત લીધી

। અમદાવાદ, તા.૩ ।



શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેર ડિંડોરે અમદાવાદના રાયખડ ખાતે ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલની આકસ્મિક મુલાકાત લીધી હતી. શિક્ષણ મંત્રીશ્રીએ જિલ્લામાં ચાલી રહેલી APAAR અને E-KYC કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ આઈ.ટી. નિષ્ણાતોને સાથે રાખીને જિલ્લામાં ચાલી રહેલી APAAR અને E-KYC કામગીરી સંદર્ભે ગ્રાઉન્ડ લેવલે પડતી મુશ્કેલીઓને સમજી તેનો યોગ્ય નિકાલ કરી કામગીરી ઝડપી બનાવી શકાય તે માટે હકારાત્મક ચર્ચા વિચારણા કરીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શિક્ષણ મંત્રીશ્રી સાથે બેઠકમાં અમદાવાદ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી દિગ્પાલસિંહ જે. ચુડાસમા, ગુજરાત સરકારના ટેકનીકલ એક્સપર્ટ અને સિનિયર એડવાઈઝર ડૉ. રામજી સિંગ, શ્રી ધીરજ રાઠોડ, શ્રી હરિભાઈ પારેખ, જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર અને ગ્રામ્ય, DPEO અમદાવાદ તેમજ ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ, રાયખડના આચાર્યશ્રી તેમજ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં કામગીરીની સમીક્ષા સહિત શાળાઓને પડતી મુશ્કેલીઓની માહિતી મેળવીને તેના નિવારણની દિશામાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વધુમાં, શિક્ષણ મંત્રીશ્રીએ ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ, રાયખડના કેમ્પસમાં આવેલ વોકેશનલ ગાઈડન્સ ઓર્ગેનાઈઝેશન સંસ્થાની પણ મુલાકાત લીધી હતી. શિક્ષણ મંત્રીશ્રીએ સંસ્થા દ્વારા કરવામાં આવેલ કામગીરીને બિરદાવીને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સાથે જ, તેમણે NEP-2020માં સૂચવ્યા મુજબ કૌશલ્ય આધારિત શિક્ષણને સઘન બનાવવા માટે જરૂરી સૂચનો આપ્યાં હતાં.